ઇરાનના બાદશાહ જહાંગીરના છોકરા અસાધ અને અમન્યાની વારતા.

તેની બેન બદ્રુખ્શુ સહેજાદીની બહાદુરી.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

ત્રવાડી. માધવજી પ્રેમજી,

તથા

પટેલ. બાપુજી ગોકળદાસ.

અમદાવાદ

"વિજય પ્રવર્તક" પ્રેસમાં છાપી.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૩.

કીંમત ૦-૬-૦

ઈરાનના બાદશાહ જહાંગીરના છોકરા અસાપ્ર અને અમન્યાની વારતા.

તેની બેન બદ્રુબુ સહેજાદીની બહાદુરી

અસલના વખતમા ઈરાન દેશમા તહેરાન કરીને નગ્ર છે તેમાં જરથોસ્ત ધર્મ પાળનારો અગ્નિ ઉપાશક જહાંગીર નામનો બાદશાહ રાજ કરતો હતો, તેને બેસુમાર લશ્કર હતુ વળી જર ઝવેરનો તો પારજ નહીં, તેને અખુટ ખજાનો હતો, તે બાદશાહ નેકી ટેકીનો પાક હતો, તેમ પોતાની રૈયત ઉપર રે'મ નજરથી જોતો, તેને અદલ ઇન્સાફ આપતો, તેને ચોરાશી હરમો હતી, તે છતા બાદશાહને ફરજન નહોતુ તેથી ઉદાસ રહેતો હમેશ આતશ બેહેરામની ભકિત કરી ખુદાના શુકરાણુ કરતો, અને દરીયાની બદગી કરી ખાણુ ખાતો, સૂરજની સ્તુતિ કરી કહેતો કે ઓ ખામદાદ મારે પેટ ફરજન નથી તેથી ઉદાસ છુ. તુ મારા ઉપર મહેરબાની કરી બે સેહેજાદા અને એક સેહેજાદી આપશે તો હું તારો પાડ માનીશ એમ હમેશા કહેતો તે એક વખત પોતે એકલો મધરાતને સમે નગ્રમા ફરવા નીકળ્યો, તે વારૂઘર મડપ જોઇને સોદાગરોની શેરીએ ગયો તેના ભભકાદાર દિવાનખાનાઓ, બેઠકો, બાગ, બગીચાં, મેહેલ વિગેરે જોઇને ખાસ બજારે આવ્યો તે શેહેરનો ભભકાદાર બજાર જોઇ નાણાવટમાં થઈ કદોઇ ઓળમા ગયો, અને જુએછે તો તરેહવાર વાનીઓ, પકવાનો જોઇ ખુશી થયો કે મારા

શેહેરમા મારાબી ખાણા જેવુ ખાણુ પકવનાર યા લેનાર શોખી લોકો ઘણા છે તેમ ભઠીઆરા લોકો કબાબ, મટ્ટર, નાન, પુલાવ, ફ્ગોસ્ત, ડબલરોટી, બીસ્કુટ, જુજવી માછલી વિગેરે તરેહવાર લેહેજતદાર ગરમા ગરમી ખાણુ એક અશ્રફી આપી લીધુ, વળી એક જામ દારૂનો લઈ આરામ બાગમા ગયો, તેને કોઇ ઓળખી શકતુ નથી કેમકે તેણે શોદાગરનો પોશાક પેહેરેલો હતો તેથી અમીર ઉમરાવો બેઠેલા હતા તેણે પોતાના શાહને પીછાણ્યો નહીં અને બાદશાહ ખાણુ ખાઇ હોજમા વજુ કરી કસતી બદગી કરી તે અમીર ઉમરાવના મેહેલમા ગયો. એટલામા બરજોખ શોદાગરનો મેહેલ તેની નજરે પડયો તે જોઈ બાદશાહ ઘણો ખુશી થયો તેના દિવાનખાનામા બરજોખની બે છોકરીઓ પુનમના ચદના જેવી કાન્તીવાળીઓ બેઠી હતી. તે એક બીજીને કહેવા લાગી કે ઓ મદાગે વહાલી બેન, મલીકાજરીપુસ જો કદી બાદશાહનો ખોજો (ગુલામ) મારી સાથે નેકા કરે તો હુ બાદશાહના કરતા અધિક સુખ ભોગવુ કેમકે તેનુ લેહેજતદાર ખાણુ પહેલુ અમારા હાથમા આવે, તેથી મજેદાર ખાણુ ખાઈ વળી હરમોના પોશાક તરેહવાર મને મળે તેમ હીરા માણેક જડેલા તખ્તો કીંવા રેશમના ગાલીચા બીછાવેના હોય તેના ઉપર વખત બે વખત બેસવાની મજા પડે ઓ મારી વહાલી બેન, હુ મારા નેકા કાનરૌજ શાહના હજુરી ગુલામની સાથ કરવાની તેતુ નીશ્ચે જાણુ તેવે મલાકાજરીપુસે કહ્યુ કે જો કદી બાદશાહ મારી સાથે નેકા કરે તો હું તેને બે સેહેજાદા અને એક સેહેજાદી જણી આપુ, કેમકે બાદશાહને ચોરાશી હરમો છતા ફરજન નથી, તેથી હમેશ ઉદાશ રહે છે. ઓ ફુલજરીપુસ મારી મોટી બેન તુ ખવાસ ઉપર ખુશી થઇ તેની સાથે નેકા કરશે

તો હું બાદશાહની સાથે નેકા કરવાની છું એવા મલીકાના મુખ-
માંથી શબ્દ નીકળ્યા તે બાદશાહે કાનોકાન સાંભળ્યા, તેથી શાહની
અશ્રુતિનો પારજ રહ્યો નહીં યા ખુદા પાક પર્વરદીગર તુ માલક છો
તારા સિવાય દુનિયામાં બીજો કોઇ નથી ઓ આતસ બહેરામ જર-
તોસ્થ ધર્મના આગેવાન તુહીતુહી એમ ખુદાની શુકરાત કરી પો-
તાના રાજ મેહેલ તરફ ગયો, અને આરામ લઈ વહાણું વાયે ઉઠીને
સૂર્યની બંદગી કરી કસતી ફેરવી દરિયાકિનારે ગયો, એટલામા ફુલ-
જરીનપુસે બાદશાહના હજુરી ગુલામને બોલાવી તેની સાથે નેકા કરી
બાદશાહના મેહેલમા ગઇ અને હરમની લોંડી થઇ રહી, બાદશાહ
બંદગી કરી રાજમેહેલમા આવ્યો, અને એણે ખાણું ખાધું એટલા-
મા ખોજાએ આવી ખબર આપી કે બરજોખ સોદાગરની છોકરી
ફુલજરીનપુસના નેકા આપના હજુરી ગુલામની સાથે કર્યા તે ન-
ફરને ખુબસુરત નાજની મળી તેથી ફુલીને ઢોલ થયો છે તે બા-
ના બાદશાહે સાંભળી તેથી યાદ આવ્યું કે કાલ રાત્રે હુ બરજોખ-
ના મેહેલ આગળ ઉભેલો હતો તે વખતે તેની છોકરી મલીકાજરી-
પુસ કહેતી હતી કે હુ બાદશાહને બે સેહેજાદા ને એક સેહેજાદી
જણી આપુ એમ કરી ખોજાને હુકમ કર્યો કે તું જલદી બરજોખ
સોદાગરને ઘેર જા, અને તેને કહેજે કે તારી છોકરી મલીકાજરી-
પુસની જોડે નેકા કરવા બાદશાહ આવે છે માટે તુ તારી તૈયારી-
મા રહેજે બાદશાહના એવા શુકન સાંભળી ખોજો બરજોખપાસે
ગયો અને તેને કહેવા લાગ્યો કે બાદશાહે હુકમ ફરમાવ્યો છે કે તા-
રી છોકરીના નેકા કરવા આજરોજ બાદશાહ આવવાનો છે માટે તુ
તારૂ દિવાનખાનુ શણગારી તૈયાર રહેજે એવુ ખોજાનુ બોલવુ
સાંભળી બરજોખના હરખનો પારજ રહ્યો નહીં. તે ખુદાની શુકરાન

કરી ફસતી ફેરવી હરખબેર પોતાની બૈરી યા છોકરી પાસે ગયો ને તેને કહેવા લાગ્યો કે આજે આપણી મલીકાજરીપુશને બાદશાહની જોડે પરણાવવાની છે માટે ચાકર નફરને હુકમ કરો કે, દિવાનખાના શણગારે એટલામા નફર ચાકર આવીને તરહેવાર જરીના ગાલીચા યા સોના રૂપાના તખ્ત, ખુરસીઓ, સીહાસનો ગોઠવવા લાગ્યા, તેમ હીરા, માણેક, આકુત જર, ઝવેરનાં, તોરણ બાધ્યા તરેહવાર બીલોરના તખ્ત મુકયા, હાંડીઓ, જમરૂખ, વાલ્સર વિગેરે તરેહવાર રૂસની કરી તેથી મેહેલ બામદાદ થઈ ખુશી ખુરમીથી ગાજવા લાગ્યો વિવિધ પ્રકારના વાજીત્ર વાગવા માંડયા, બરજોખનાં સગાવહાલા યા બીજા સોદાગરો કીવા વેપારીઓ એકઠા થયા. બાદશાહની સ્વારી ભભકાદાર સેહેરમા ફરી બરજોખને ઘેર આવી, તેની સાથે અમીર ઉમરાવો યા અધ્યારૂયો આવ્યા બરજોખ બાદશાહની સામો આવ્યો અને અદબથી સલામ કરી બચ્ચી લઈ શાહને પોતાના મેહેલમા લઇ ગયો અને તેની સાથે સર્વ દરબારીઓ ગયા બાદશાહ હીરા માણેકના શણગારેલા તખ્ત ઉપર બેઠો અને સર્વ દરબારીઓએ અદબથી સલામ કરી સૌ સૌને ઠેકાણે બેઠા, અધ્યારૂ લોકો ભણવા માંડયા, લગ્નક્રિયાની બરજોખે તૈયારી કરી પોતાની છોકરી મલીકાને જર ઝવેરથી શણગારી બાદશાહની પાસે બેસાડી, આતસ બેહેરામની પુજા કીધી, અધ્યારૂએ જરતોસ્ત ધર્મ પ્રમાણે લગ્નક્રિયા કરાવી સભાજનો ખુશી થયા, ખાણું તૈયાર થયું, સરાબની જામો ઉડવા માંડી, ગ્લાસ ગટગટાટ ઉડવા માંડયા, ઘોસ, પુલાવ, નાન, કબાબ, ડબલરોટી, બીસ્કુટ યા તરેહવાર પકવાનો વાનીઓની રકાબીઓ ટેબલ ઉપર મુકી બાદશાહ યા દરબારીઓ ખાણું ખાઈ ફરાગત થયા, પાન સોપારી એલચી લવીંગ દાલચીની વિગેરે

મુખવાસ કરી સરાબના પ્યાલા ગટગટાવી તૈયાર થયા, બરજોએ પો-
તાની છોકરી મલીકાજરીપુસને વહેલમા બેસાડી બાદશાહ જોડે મો-
કલી શાહની સ્વારી દરીયાકિનારે ગઇ, તેણે દરિયાની બંદગી કરી બ-
ન્નેએ હસતી ફેરવી ખુદાનાં શુકરાન કરી પોતાના મેહેલમા ગયા, અને
દુનિયાનું સુખ હાસલ કીધુ, એમ એશઆરામ કરી પોતાના
દિવસ ખુશીથી ગુજારતા અને ખુદા આગળ એમ માગતા કે અ-
મારી મુરાદ તુ પુરી કરશી. હવે મલિકાની બેન ફુલજરી જે બાદ-
શાહના ગુલામ જોડે પરણી છે તે પોતાની નાની બેનની ગુલામડી
થઇ તેથી તેના મનમા અતિ ખેદ ઉત્પન થયો તે પોતાના મન
સાથે કહેવા લાગી કે આ રંડી મારી ઉપરી થઇ હું તેની ગુલામ-
ડી બની તો મારે તેના હુકમમા વર્તવુ પડે છે, જો હું ખરી હઉં-
તો તેનુ સઘતુ ગમે એ રીતે કરૂ તે હમેશ તેની પેરવીમા રહેતી
અને મલીકાજરીપુસ તેનુ પકવેલું ખાણુ ખાતી નહીં, તેમ તેનો
ભરોસો બરાબર રાખતી નહોતી ખુદાએ તેના ઉપર મેહેરબાની
કરી સારો દહાડો આપ્યો, અને પોતાની હરમને દહાડા રહ્યા, તે-
થી બાદશાહની ખુશાલીનો પારજ રહ્યો નહીં પોતાની માનીતી ક-
રી પોતાની હજુરમા રાખી થોડે દહાડે પ્રસવની વખત આવી એ-
ટલે તેની બેન ફુલજરીન મલીકાને કહેવા લાગી કે ઓ મારી વ-
હાલી બેન તને ખુદાએ અધિક ઇકબાલ આપ્યો છે તેથી હુ તારી
ગુલામ તરીકેણુ અરે આપણે એક બાપના ફરજન છઇએ, તે છ-
તા તું મારો ઇતબાર રાખતી નથી તે કેવુ ઉલટું છે ખુદા તને
કાંઇ છોકરો આપશે માટે પ્રસવની વખતે મને પાસે રાખવી જો-
ઇએ, કેમકે બીજીઓ દગલબાજ છે તે તારૂ યા તારા ફરજનનું જા-
ન લેશે માટે તેનો ભરોસો ન કરતા મને પાસે રાખશે તો હું જા-

કું માહુ પુચ્છનાર નથી. મલીકા બીચારી ભોળી તે તેના કપટને ન જાણતા પોતાની બેન જાણી પાસે રાખી હવે ફુલજરીને આગળથી ગોઠવણ કરી રાખી કે જે વખતે તે છોકરા જણે તેજ વખતે તેને મારી નાખવા યા જગલમા કાઢી આવવાં એવી સાગ્રીતો કરી રાખી, વળી કુતરીએ તાજા જણેલા ભોટીલા લઇ લાવી રાખ્યાં, અને મલીકાને જણુવાની વખતે આખે પાટા બાધ્યા તેને બે છોકરા યા એક છોકરી પુનમના ચદ્રની કાતી જેવા અવતર્યા તેને ટોપલામા નાખી ગુપ્ત બારીને રસ્તે થઇ લોંડીઓ જગલમા તળાવને કિનારે મુકીઆવી, અને બાદશાહને જાહેર કર્યું કે માનીતી હુરમને બે કુતરા યા એક કુતરી આવી તે સાભળી બાદશાહના ગુસ્સાનો પારજ રહ્યો નહીં તેણે તેજ વખતે હુકમ ફરમાવ્યો કે તે રાડને પથ્થરથી મારી નાખો, તે વખતે શાણો વજીર પાસે હતો તેણે બાદશાહને કહ્યું કે ઓ ઇરાનના બાદશાહ તુ એક વખતે તે બીચારીને લાવી પોતાની પટરાણી બનાવી ઉચે દરજ્જે રાખી તે અબળાને ખુદાની કુદરતથી એ બનાવ બન્યો તેમા તેનો ગુનો શો? તેને બાદશાહે કહ્યુ કે ઓ વજીર હુ તેને એવી શરતેથી લાવ્યો હતો કે બે છોકરા યા એક છોકરી પુનમના ચદ્રના જેવી કાન્તી વાળા હુ તને જણી આપીશ, તે કરારથી જુઠી પડી મારી મજાખ કરી તેણે કુતરાનો જન્મ આપ્યો, તેથી હુ તેનુ મુખ કદી જોનાર નથી. અરેરે મારી ઉમર હવે થોડી બાકી રહી તે છતા મારી મુરાદ પુરી ન થઇ, અને ઉલટો મને ફજેત કર્યો તેથી હુ તેને શિક્ષા ફરમાવુ છુ કે તેને સરીયામ રસ્તા ઉપર એક કોટડી બનાવી તેમા ઘાલો અને આખી આલમને હુકમ ફરમાવો કે તેના મોઢા ઉપર સર્વ મનુષ્ય થુકે, વળી તેને ખાવા માટે લુખુ ભોજન અને સુકી રો-

ઢી આપવી એવો હુકમ બાદશાહે ફરમાવ્યો તે સાંભળી દરબારીઓ નાખુશ થયા. શુ કરે હુકમના તાબેદાર અરેરે બીચારી ઓરતને છોકરાં જણ્યાં તે નિર્દોષ બાળક જંગલમા પડયા છે તેનુ રક્ષણ આતશ બેહેરામ કરે છે અને કુબાડી મલીકાએ પોતાની નિર્દોષ બેનને હેરાન કરી કેદમા નખાવી તેને શહેરના લોકે ગાળો ભાડી કહેવા લાગ્યા કે અરે પાપી કુલજરીન તારૂ બાણુ ખરાબ થજો, તારા ઉપર અનેક કષ્ટ આવી પડજો તે પોતાની બેનને માઠી હાલતે પહોચાડી, તે ગુનો ખુદા ગુનનાર નથી, તેનો બદલો ખુદા ડોઝકમાં વાળશે અરેરે! તુ ભરને જાય સત્યાનાસણી તારે આવુ કરવુ હતુ તેથી તને જનમથી મારી હોવતો સારૂ હતું. એમ સર્વ નિંદા કરે, અને મલીકાને જોઈ લોકને રેમ આવે, તે બિચારી નિર્દોષ કેદમા પડી દુઃખ ભોગવે છે, હવે પેલા બાળક ટોપલામા પડયા છે તેનુ સુર્યદેવ રક્ષણ કરતા હતા, એટલામાં ઇરાનનો અસલ વજીર શેહરીયાર બાદશાહે કાઢી મુકેલો તે જંગલમા મેહેલ બનાવી રહેલો હતો તે શિકારને માટે ફરતો ફરતો તળાવના કીનારા ઉપર આવ્યો અને જુએછે તો ટોપલામાં તાજા જન્મેલા ત્રણ બાળકો પડેલા છે તેને જોઇ બેહદ ખુસી થયો, અને પોતાના મન સાથે કહેવા લાગ્યો કે પરમેશ્વર દીનદયાળ છે, જેને પેટ ફરજન નથી તેને તે ફરજન આપે છે. અરેરે! આ બાળક સુર્યની કાંતી જેવા આતશ બહેરામે મારે માટે મોકલ્યા હશે અરે આનો જન્મ આપનાર તેની માને કેટલું દુઃખ પડ્યું હશે, જેણે નવ માસ ગર્ભમા રાખ્યાં, વળી જન્મતી વખતે પોતાના બાળકને ન રમાડવા કોઇ કુબાન્ડી લોંડીઓએ દગબાજ કરી આ જંગલમા મૂકયા છે. આ બાળક ખુબસુરત બાદશાહના હશે; કેમકે ખરૂઓમાંથી એકરી મલીકાજલીપુસને હમેલ હતા, તેણે આ બાળકોનો

જન્મ આપ્યો હશે યા અમે તેમ હોય, મારેતો આ બચ્ચાને ઉછેરી મોટા કરવા, જેથી ખુદા મારા ઉપર ફીદા થશે તેથી ડોઝકનુ દુખ ભોગવવુ નહી પડે એમ કરી ટોપલો લઇ પોતાના મેહેલ તરફ ગયો, અને પોતાની બાનુને કહેવા લાગ્યો કે એ મારી દીલોજાન પ્યારી હુ તારે માટે અજાયબ વસ્તુ લાવ્યો છુ તે તુ તારા હવાલામા રાખ તેને ઓરતે કહ્યુ કે એ મારા પ્યારા પતિ તમો એવી કઇ વસ્તુ લાવ્યા છો કે જેથી મારૂ દીલ હમેશ આનદમા રહે તેને શહરીયારે કહ્યુ કે તારે માટે આ ફરજન લાવ્યો છુ, તે જોઇ બાનુના હરખનો પારજ રહ્યો નહીં તેણે છોકરાઓને બચ્ચી લેઇ પોતાની ગોદમા લીધા, અને તેજ વખતે ધાવને બોલાવી પોતાની હજુરમા રાખી, એમ બાળકનુ પાલણપોષણ કરવામાડો તે છોકરાઓ જેમ પુનમનો ચદ્ર વૃદ્ધિ પામે તેમ દહાડે દહાડે વૃદ્ધિ પામવા લાગ્યા અરે! તેના કમનસીબે તેનુ પાલણ કરનારી તેની મા મરી ગઇ, તેના મરણથી વજીર ઉદાશ થયો, તે બાળકને જોઇ પોતાના મનનુ સમાધાન કરી દહાડા કાઢતો હવે તે છોકરાની ઉમર વરસ ૧ ની થઇ એટલે નજુમી લોકો ફરતા ફરતા વજીરના મેહેલમા આવ્યા? તેને જોઈ વજીર ખુશી થયો અને તેને કહેવા લાગ્યો કે એ પીરમરદ આ મારા બચ્ચાના લાયક નામ તમો આપો, નજુમીએ બરાબર જોઈ મોટાનુ નામ અસાધ અને નાનાનુ નામ અમન્યો પાડયુ જે છોકરી પુનમના ચદ્ર જેવી ચળકતી હતી તેની બહાદુરી જોઇ નજુમી અનહદ ખુશી થઇ તેનુ નામ બકુમુ પાડયુ, અને નજુમીઓ તેના ઉપર રહેમ વરસાવી પોતાને રસ્તે ગયા હવે વજીરને બેસુમાર દોલત છે, જેના ખજાનાનો પારજ નથી તે છતાં વાડી વજીફા, ખેતર, જગલ વિગેરે કેટલુ એક પોતાના કબજામાં છે બે

મુફી પોતે ખુદાની દરગાહમાં ચાલતો થયો તેનું મરણ થયું તેથી ગુલામો યા લોડીઓ દીલગીર થયા, અને નિર્દોષ એવા જે ત્રણ બાળકનુ રક્ષણ કરનાર ધાવ યા તેના ગુલામ રહ્યા, તે તેનુ પાલણપોષણ કરે છે એમ કેટલાએક વરસ થયા એટલે અશાધ અમન્યાની યા બદ્રુખુ સહેજાદીને ઉમર વરસ ૧૨ ની થઇ એટલે તે વિદ્યાભ્યાસ કરી સપૂર્ણું જ્ઞાન મેળવી હોશીઆર થયા હવે અસાધને અમન્યો બન્ને ભાઈ હમેશ જંગલમા શિકાર કરવા જાય છે તે જેબી જાનવર નજરે જુએ છે તેને બદુકથી મારી લાવે છે, અને ફરી તેના શિકારમાથી કોઇ જાનવર બચતુ નહતુ એવા ગોળી બહારમા હોશિયાર હતા કે ઝાડના ડાળા ઉપર લવીંગ બાંધી ઉડાવી દેતા. તેના કમનસીબે ધાવ યા બીજા ગુલામો રોગના સબબથી મરણ પામ્યા તેથી ત્રણ જણ એકા એક ખુખાર જગલમા રહ્યા તે બાહાદુર બાદશાહજાદા કોઈથી ડરતા નથી, અને પોતાના દિવસ એશઆરામમા ગુજારે છે પોતાની વહાલી બેન બદ્રુખુના હુકમમા રહેતા તે કહે તેમ કરતા તેનો બોલ કદી ઉથાપતા નહીં, હવે એક દહાડો બન્ને ભાઇ જગલમા શિકાર કરવા ગયા હતા, એટલામા એક બુજગર ડોશી (ધરડી) આવી, તેણે વજીરનો બાગ યા હોજ યા મેહેલ જોઈ અનહદ ખુશી થઈ તેણે વજુ કરી કસતી ફેરવી ખુદાની બદગી કરી તેને જોઇ બદ્રુખુ સહેજાદી બોલી કે ઓ મારી વહાલી મા, ખાણું ગરમાગરમ તૈયાર છે, બે નવાલા ખાઇ ખુદાના શુકરાન કરી પધારો તેને ડોશીએ ડોક હલાવી કહ્યુ કે તારૂ ખાણુ અમારે હરામ છે, કેમકે આ ઠેકાણે ત્રણ વસ્તુ જ્યા સુધી નથી ત્યા સુધી હુ તારૂં ખાણું ખાનાર નથી. તેને ઘણી આજીજી કરી કહેવા લાગી કે ઓ અમા મહારા મેહેલમા એવી શી એબ છે તે તમે

ખાણું ખાતાં નથી, વળી એમ કહેછો કે ત્રણ વસ્તુ લાવે તો ખાણુ ખાઉ તે વસ્તુ કેવી છે અને કઇ જગ્યા ઉપર મળે છે તે મને મહેરબાની કરી કહો તો હુ મારા ભાઈ પાસે મગાવુ. તેને બુજરગ ડોશીએ કહ્યુ કે તે રકમ પાસીફીક મહાસાગરની આસપાસ બુખારે જગલ છે ત્યા ગાતુ ઝાડ સોનાની હોજનુ પાણી અને બુલબુલ પક્ષી મળશે તે તુ તારા ભાઇ પાસે મગાવજે એમ કહી ડોશી ચાલી ગઇ, અને બદ્રુબુ જારબેજાર રડવા માડી તેણે પોતાના વાળ પીંખવા માડયા, અને ખાણાની રકાબીઓ ફેકી દીધી એટલે તેના ભાઇ જગલમાથી આવ્યા અને જુએ છે તો પોતાની વહાલી બેન જાગ્બેજાર રડતી હતી, તેને જોઇ કહેવા લાગ્યા કે ઓ મારી વહાલી બેન તુ શા સબબથી પોતાનુ જીગર ફેકે છે તને કોઇ હરામખોર આવીને કઈ ધમકી દીધી હોય તો મારી આગળ જલદી કહે, જો કદી તે ઇરાનનો બાદશાહ હશે તોબી તેનુ માથુ કાપ્યા વિના છોડનાર નથી, તુ બે ધડક રહે જલદી મારી આગળ તે બીનાનુ બ્યાન કર તેને બદ્રુબુએ કહ્યુ કે ઓ મારા વહાલા ભાઇ મને કોઇ હરામખોર યા લુચ્ચો મળ્યો નથી, આપણા મેહેલમા આજે એક પીરમરદ બુઢ્ઢી આવેલી હતી, તેણે બાગ, બગીચા, હોજો ફીંવા મેહેલ દિવાનખાના વિગેરે જોઇ પોતાની ડોક હીલાવા લાગી, અને મે તેને ખાણુ ખાવાનુ કહ્યુ તો તેણે ના કહી ને કહેવા લાગી કે તારા મેહેલમા ત્રણ વસ્તુઓ નથી ત્યા સુધી તારૂ ખાણુ મારે હરામ છે તેને મે કહ્યુ કે ઓ મારી પ્યારી તે વસ્તુનુ નામ શુ ? તેણે કહ્યુ કે ગાતુ ઝાડ, સોનાનુ પાણી અને બુલબુલ પક્ષી એ ત્રણ વસ્તુ લાવશો ત્યારે હુ તારૂં ખાણું ખાઈશ, એમ કહી ચાલી ગઈ, એવુ પોતાની બેનના સુકન સાભળી બુ-

ને ભાઇઓ તેજ ઘોડા ઉપર બેસી સમુદ્રના કીનારાના જંગલ તરફ ચાલ્યા, અને બદુખુ સહેજાદી પછવાડે કલ્પાત કરવા લાગી કે ઓ મારા વ્હાલા ભાઇઓ મુને ખુંખાર જંગલમાં એકલી મુકી તમે ચાલ્યા ગયા અરે તમને મારી દયા જરાભી આવી નહીં, હું કેવી પાપી કે જેણે પોતાના ભાઇને પરદેશ કાઢયા. અરેરે! એ ક્યારે આવશે એમ હમેશ વિલાપ કરતી અને પોતાનું જીગર ફોડતી હવે પેલા બે ભાઈ રસ્તે ચાલ્યા જાય છે તે ખુંખાર જંગલમાં પડયા; તેને અનાજતો મળતું નથી. ફક્ત જાનવરનો શીકાર કરી પોતાનું ગુજરાન ચલાવે છે, કોઇ વખત પાણીભી મળતું નથી એમ જંગલે જંગલ અને પહાડે પહાડ ફર્યા કરે છે, કોઇ વખત પોતાની વહાલી બેનને યાદ કરી જારબેજાર રડે છે એમ કેટલાક દિવસ ચાલ્યા કર્યું તેની નજરે એક બુલંદ પહાડ પડયો, જેને શીખરો આસમાનમાં લાગેલી હતી તેની તળેટીમાં અસાધને અમન્યો ગયા. તે પહાડનો રાજા મહેકાળદેવ કરીને હતો તે નાપાકને નિર્દય હતો તેના હજુરી દેવો ફરવા નિકળેલા હતા તેણે અસાધને અમન્યાને જોયા તેથી ગુસ્સે થઇ તેને પગે પકડી સમુદ્રમાં ફેંકી દીધા. તેજ વખતે માછલી બન્નેને ગળી ગઇ, આંખ ખુલ્લીને જુએ છે તો નહીં તે પહાડ અને નહીં તે જંગલ, અને પોતાને અંધારા ભોયરા જેવું માલમ પડયું. વળી તેના પેટમાંની ગરમી તેને લાગવા માંડી તેથી અકળાવા લાગ્યા. અસાધે અમન્યાને કહ્યું કે ઓ મારા વ્હાલા ભાઇ આપણે જુલમાતમાં આવી પડયા છીએ માટે તેનો જલદી ઉપાય કરવો જોઇએ. અમન્યાએ તેજ વખતે ખંજર કાઢયું અને ચારે બાજુએ ભોંકવા લાગ્યો તેથી માછલીએ બાળકોને બહાર ચંકુ કીનારે કાઢી નાંખ્યા. બે ઘડી બેહોશ રહી પછી શુદ્ધિમાં આ-

ધીને જુએ છે તો દરીયામો ડુબનારો માલુમ પડ્યો, પોતાના કપડા ધોવા બેઠો એટલામા વળી એક માછલી ખુબ સુરતની આવી, જેને ચાર મુસ્તક સ્ત્રીના જેવા ખુબસુરત ચેહેરાના હતા, વળી પગથી તે માથા સુધી જર ઝવેરથી ભરપુર હતી તેણે અમન્યાનો હાથ પકડી સમુદ્રમા લઇ ગઇ, અમન્યો અંદર જુએછે તો ભભકાદાર દિવાનખાનાઓ, બાગો હીરામાણેકથી જડેલા તખ્તો, ગાલીચાઓ બીજી તરેહવાર ભભકાદાર ઝાડ ગડાણો કરેલુ દિવાનખાનુ બાગદાદ થઇ ખુશી ખુશીથી ગાજી રહ્યુ હતુ, તે માછલી મેહેલની અંદર ગઇ અને ચાર પરીજાદોનાં જુદા જુદા રૂપ લઇ આવીયો અને અમન્યાના આગળ નાચ રંગ કરવા લાગીયો તેને અમન્યો કહેવા લાગ્યો કે ઓ દીલેજાન મને મારા ભાઇથી જુદો પાડી નાચ રંગ કરી રીઝાવે છે તે કેવુ દુનિઆથી ઉલટુ છે. અરેરે પ્યારા અલાધ તારાથી જુદો પડ્યો, હવે તારી ગતી શી થશે. એમ વારવાર કહેવા લાગ્યો, તેને પરીજાદે કહ્યુ કે ઓ પ્યારા અમો તારા ઉપર આશક થઇયે છીયે, તંગ તુ વધારે ગમગીન થાય છે તેને અમન્યાએ કહ્યુ કે મને મારા ભાઇથી જુદો પાડ્યો તેથી ગમતુ નથી અરે ઓ પરીજાન હરેક ઉપાય કરી મારા પ્રાણ પ્રીય ભાઇનો મેલાપ કરાવીશતો હુ તારો પાડ માનીશ તેના એવા શુકનો સાભળી પરીઓ બોલીકે ઓ ગેમાર તુ ઇન્સાન ઉપર અમે પરીજાદ આશક પડી, તેનો પ્યાર છોડી નાહાન ભાઇની ફિકરમા પડ્યો એ કેવી વાત છે તેને અમન્યાએ કહ્યુ કે જોતુ મારા ભાઇ પાસે લઇ જશેતો અમો બન્ને ભાઇ તારી પાસે ખુશીથી રહીશુ એવા અમન્યાના શુકન સાભળી પરીઓને રીસ ચડી તેથી તેણે તમાચો માર્યો તેવોજ અમન્યો ઉડીને સમુદ્રમા પડ્યો તે પોતાની આખ ખોલીને જુએછે તો નહીં તે સમુદ્ર અને નહી તે પરીજાદ. એમ

એક ખુખાર જંગલમાં પડ્યો, અને આમતેમ જોવા લાગ્યો હવે અસાધ એકલો સમુદ્રને કિનારે હતો, તેણે પોતાના ભાઇ અમન્યાને સમુદ્રમા ડુબતા જોયું અને પોતે એકલો પડ્યો તેને ખુજગર ડોસો પીરમરદ મળ્યો તેણે અસાધનો હાથ પકડી કહ્યુ કે ઓ દિવાના સખ્સ તુ આ નપાક જગ્યામા કેમ ઉભેલો છે, ચાલ મારીસાથ આપણે બન્ને પેલી હોડીમા બેસી સામા બેટમા જઇએ, તેને અસાધે કહ્યુ કે ઓ મહેરબાન બાપ મારા ભાઇ અમન્યાને સમુદ્રની માછલી પકડી ગઇ છે, તેની રાહ જોઇ હુ આ જગ્યાપરબેઠેલો છું તેને પીરમરદે કહ્યુ કે તુ તેની ફીકર મુકી દે, તે તેની મેળે આવશે, એમ કહી અસાધને બુલંદ પહાડ પાસે લઇ ગયો. તે પહાડ એટલો ઉંચો હતો કે જેનાં શિખરો આસમાન સાથે વાતો કરતા હતા, ત્યા આગળ પરહેજગાર પુરૂષ લઇ ગયો, અને તેણે દાબડામાથી ધુપ કાઢી અગ્નિ ઉપર મુકયો અને મોઢેથી ફુટફુટ પઢવા લાગ્યો તેથી પર્વતોના બે ભાગ થયા એટલે એક દરવાજો તેની નજરે પડ્યો તેમા બન્નો જણા ગયા, અને જુએછે તો મેહેલ હીરા રત્નનો બનેલો તેના જોવામા આવ્યો જેના ચોસઠ દિવાનખાનાઓ ચોરાશી બારીઓના છે તેમા તરેહવાર ગાલીચા તખ્તો હીરા માણેકથી જડેલાં હતા. તેના ઉપર આકુતના મોર મુકેલા લાલ મણીના ઝુમર સુશોભિત હતા, એવા રમણિય સ્થાનમા બન્નો જણ ગયા તેણે સાત દહાડા અને સાત રાતો સુધી ટગરટગર જોયા કર્યું. નથી લાગતી ભુખ નથી લાગતી તરસ, ફક્ત તે જોઇ બે બહુમો ખાઇ પીતાનો દહાડો એશઆરામમા અસાધ કાઢતો; તેને પીરમરદે કહ્યુ કે ઓ મારા પ્યારા તારે જે જોઇએ તે આમાથી લે અને આ ખજાનો યા મેહેલ તારે વાસ્તે ખુદાએ પેદા કર્યો છે તેને અસાધે

કહ્યુ કે ઓ મારા મેહેરબાન બાપ મારી મુરાદતો ક્યારે પુરી થા-ય કે જ્યારે ગાતું ઝાડ, બુલબુલ પક્ષી, સોનાનું પાણી એ ત્રણ વસ્તુ મને આપો તો હુ તમારો પાડ માની મારે રસ્તે પડુ તેના એવા શુકનો સાંભળી ફ્સતો બોલ્યો કે અરે તારે દુશ્મને તને એ-વો રસ્તો કયો બતાવ્યો છે કે જેથી તારો અને તારા ભાઇનો અ-મુલ્ય જીવ ખોવાને તૈયાર થયો છે અરે એતો તલેશમાત છે વળી તે જુલમાતમા પડવાથી તમો બન્ને પથ્થરના બની જશો, તેને અસાધે કહ્યુ કે જેમ ખામદાહની મરજી હશે તેમ થશે તેને પીરમરદે કેટલાએક હીરામાણેક, મોતી, મણીઓ આપી કહ્યું કે આ-ટલુ જર તમારી પાસે રાખો, કેમકે જર, તગી અને મુશ્કેલીની વખતે કામ આવે તેને અસાધે કહ્યુ કે ઓ મેહેરબાન બાપ તારી યાદગીરી તરીકે મને એવી વસ્તુ આપ કે અગ્નિથી બળુ નહીં, હથિઆર કાપે નહીં, સાપ વિગેરે ઝેરી જાનવરોનું ઝેર અસર કરે નહીં, ભુત, પ્રેત, પીશાચ જેવા સેતાનનો ડર લાગે નહીં તેને પી-રમરદે એક મહોરો આપ્યો અને સવારેતની લાકડી આપી કહ્યુ કે ઓ મારા વ્હાલા ફરજન આથી તને કોઇનો ડર લાગશે નહીં. તારા પ્રવાસની વખતે આ ચીજો એટલી લાભકારી થશે કે તારી જીદગીનુ રક્ષણ કરશે એમ કહી પીરમરદે પેલી લાકડી ઉપર અ-સાધને બેસાડયો, તેને કહ્યુ કે તારી આખો મીંચી રાખ, તેમ અ-સાધે કર્યું. પરહેજગાર પુરૂષે ત્રણ ટકોરા માર્યા તેથી અસાધ ઉડીને અમન્યા પાસે ગયો. આખ ઉઘાડીને જુએ છે તો પોતાનો પ્યારો ભાઈ જારબેજાર રડે છે અને પોતાનુ જીગર ફેકી હાય પોકારે છે, તેને અસાધે કહ્યું કે ઓ મારા વહાલા તું શા માટે રડે છે, હુ હારો ભાઇ અસાધ આવ્યોછુ. અમન્યાએ આખ ખુલી જોયુ તો

પોતાનો ભાઇ પાસે ઉભેલો છે, તેને જોઈ બેહદ ખુશીના દરી-યાવમાં ગરક થયો. બન્ને ભાઇ એકબીજાને આલીંગન દઈ રીતેશી વાતનુ બ્યાન કર્યું, અને ત્યાથી ચાલ્યા રસ્તામા પાણીનો ચશમો આવ્યો ત્યા આગળ બન્ને ભાઇ બેઠા. અમન્યો જંગલમા ફુળફ-ળાંદીક લેવા ગયો, તે લાગ જોઇ જીન આવ્યા તેણે અસાધને લાત મારી તવોજ તે ચશમામા પડયો તે પગથી તે માથા સુધી સોના-નો બની ગયો અને હાય પોકારવા લાગ્યો તેનો પોકાર સાભળી અમન્યો દોડયો આવ્યો, અને જુએ છે તો પોતાનો ભાઇ જુલ-માતમા આવી પડેલો હતો તેને જોઈ જાર બેજાર રડવા લાગ્યો તે-ને હીંમત આપી અસાધે કહ્યુ કે ઓ મારા પ્યારા પેલો પીરગરદે આપેલો મહોરો યા લાકડી લાવ, તેણે બન્ને વસ્તુ અસાધને આપી; અસાધે મહોરો પોતાના મોઢામા રાખ્યો, અને લાકડી માથા ઉપર ફેરવવા માડયો તેથી સોનાનો મટી અસલ સુરતમા આવ્યો. તેને જોઇ પેલો જીન તેની સામો આવ્યો, તેણે હાક મારી કહ્યુ કે ઓ નાદાનો તમો આ જગ્યો ઉપર કેમ બેઠાછો, આ જગ્યો ખુદા-એ અમારે વાસ્તે કરેલી છે, આમાનુ સોનાનું પાણી તમારા બાપનું નથી તેને અસાધે કહ્યુ કે ઓ પ્યારા અમારે તારા પાણીનો ખપ નથી, બે ઘડી આરામ લઇ અમારે રસ્તે ચાલ્યા જઇશુ તેને જીને કહ્યુ કે તારી પાસે પેલી લાકડી છે તે તુ ફેંકીદે અને મારી સાથે ચાલ અમારા સરદાર પાસે લઇ જાઉ તેને અસાધે કહ્યુ કે તારી કોમ કયા આગળ રહે છે અને તુ કેના નામથી ઓળખાય છે તે-ને જીને કહ્યું ઓ મારા પ્યારાઓ અમો જીન લોકો છીએ, અને સામા સેહેરમા રહીએ છીએ; આ ચશમાનો ઉપરી હુ છું અહીં જે ઇન્સાન આવે છે તેને હુ મારા સરદાર પાસે લઇ જાઉછુ, તેની

ખુશીમાં આવે તેમ તે કરે એવા જીનના શુકનો સાભળી અસાધ હાથમા લાકડી લઇ તેની પછવાડે દોડયો, તે જોઇ જીન નાસવા માંડયો અને હાય પોકારી કહેવા લાગ્યો કે ઓ મારા પ્યારા દોસ્તો મે તમારો ગુનો કીધો નથી શામાટે મને બાળો છો. તે લાકડી જોઇ મારા બદનમા અગ્નિ થાય છે તેને અસાધે કહ્યુ તુ અમારી પાસેથી વેગળો જા, અમારે તારા ચશમાનુ પાણી જોઈતુ નથી અમે અમારે રસ્તે ચાલ્યા જઇએ છીએ એમ કહી લાકડી બગલમા ઘાલી તે જોઇ જીન પોકારવા લાગ્યો, એટલામા હજારો જીન આવ્યા અને અસાધને યા અમન્યાને વીટી લેઇ કહેવા લાગ્યા કે આને મારી નાખો યા આપણા રાજા પાસે લઇ ચાલો, તેમાનો સરદાર બોલ્યો કે વધારે સારૂ એજ છે કે તેને પગે પકડી સમુદ્રમા ફેંકોદો તેનો હુકમ સાભળી જીનો તેના ઉપર ધસ્યા તે જોઇ અમાધે લાકડી પોતાના માથા ઉપર રાખી, અને અમન્યે પેલો મહોરો પોતાના મોમો મેલ્યો તેથી જીન પોકારવા લાગ્યા અને નાસવા માંડયા, અને અસાધ અમન્યો બન્ને તેની પછવાડે દોડયા અને પેલો મહોરો પૃથ્વી ઉપર નાખ્યો, તે જોઇ જીનો પોકારવા લાગ્યા અને જંગલ ધ્રુજવા માંડયુ ઝાડ પડવા લાગ્યા, પર્વતોના શિખરો બળબળવા માંડ્યા, ઉલ્કાપાત થવા માંડ્યા, તે જોઇ જીન રાજાનો છોકરો આવ્યો તેણે આતશના ભડકા કરવા માંડ્યા અને આકાશમાં ઉડી પાછો તેની પાસે આવ્યો, એટલે અસાધે પેલી લાકડી માથા ઉપર ફેરવવા માંડી. તે જોઇ જીનનો શાહજાદો પોકાર કરવા માંડયો અને અસાધને કહેવા લાગ્યો કે ઓ મારા મેહેરબાન તુ અમારી કોમ ઉપર કેમ જુલમ ગુજારે છે, અમો ઇન્સાનથી જુદા આ જંગલમાં પડયા છીએ તેને તમો દુખ શા માટે આપો છો. તેને

અસાધે કહ્યુ કે અમો અમારે રસ્તે ચાલ્યા જતા હતા એટલામાં સુંદર ચશ્મો અમારી નજરે પડ્યો તે જોઇ અમો તેનુ પાણી પીવા ગીયા બે ઘડી આરામ લેવા બેઠા તેથી તારા જીને આવીને મને ચસમામા ફેકી દીધો, અને પોકાર કરી બીજા કેટલાએક જીનોને બોલાવ્યા તેણે અમારા સામી ઘુરકીઓ કરી આખર તે નાશી ગયા, વળી ત્યા આવીને કેટલોએક જુલમ ગુજાર્યો તેથી મે આ લાકડી બતાવી. જેથી તમારી કોમ બળી જાય તેને જીનને શાહજાદે તેને આજીજી કરી કહ્યુ કે ઓ માગ મેહેરબાનો તમો મારી સાથે મારા શેહેરમા ચાલો, આજથી તમો મારા દીલોજાન મિત્ર છો, હુ તમને મીજમાની આપી મારી સતા મુજબ નજરાણો ભેટ કરૂ તેને અમન્યે કહ્યુ કે ઓ નાપાક તારો ભરોસો શી રીતે પડે, કદી તુ દગલબાજ અમારા ઉપર જુલમ ગુજારે તેનો સાક્ષી કોણ? તેને જીનને શાહજાદે કહ્યુ કે અમો તમારા ઉપર દગો કરીએ તો આતશ બહેરામ અમોને બાળીને ભસ્મ કરે તમો યાદ રાખો કે હુ તમારા ઉપર કદી જુલમ ગુજારનાર નથી તેનો અતિ આગ્રહ જાણી બને ભાઇ તેની સાથે જીનના શેહેરમા ગયા, અને જુએછે તો આખુ શેહેર જીનોથી ભરપુર છે, જેના મેહેલ સગી મરમરના બનાવેલા છ તેની અંદર હીરા માણેક, મોતી, આકુત, મણીઓ, જડેલા છે એવુ સુસોભીત શેહેર જોતા જોતા રાજાના મેહેલમા ગયા તેને આવતા જોઈ જીનનો બાદશાહ તખ્ત ઊપરથી ઉભો થયો અને તેને સલામ કરી પોતાના તખ્ત ઉપર બેસાડ્યા, એટલે ચાકર લોકો મેવાના ખુમચા ભરી લાવ્યા તે અસાધ અને અમન્યા આગળ મુક્યા, તેણે તેમાથી બે નવાલા ખાધુ અને બાદશાહ સાથે વાત ચીત કરવા લાગ્યા, તેને જીનને બાદશાહે કહ્યુ કે તમો કઇ તરફ જવાના છો, અસાધે

કહ્યું કે અમો ગાતું ઝાડ, સોનાની હોજનુ પાણી અને બુલબુલ પક્ષી લેવા સારૂ જઈએ છીએ તેને જીનને બાદશાહે કહ્યુ કે ઓ પ્યારા એ ખ્યાલ તમારા મનમાથી છોડીદો કેમકે અમારી કોમની તાકાત નથી કે એ જુનમાતમાથી બચી શકે એવા નાપાક જાદુગરો યા ચુડેલો, જુનો કીંવા રાક્ષસો રહે છે તે પહાડ અહીંથી દશ હજાર ગાઉ છેટે છે ત્યા જે જાયછે તે પથ્થરનો બની જાય છે વળી તેને ફાડી ખાનારા જાનવરો યા ઝેરી સાપો અતિ દુખ આપે છે તેમ રાક્ષસો તેને લાગ પડે મારી નાખે છે જુનો તેનુ કાચુ માસ તોડી ખાય છે એમ કેટલીએક બીક બતાવી તેથી અસાધ કીંવા અગન્યો ડર્યા નહીં, ઉલટા તેને કહેવા લાગ્યા કે તે નાદાનો અમોને શુ કરનાર છે, જ્યાં સુધી અમારા ઉપર ખુદા મેહેરબાની રાખે છે ત્યાં સુધી સેતાનનો ડર નથી. એવા તેના શુકનો સાંભળી બાદશાહે કેટલુએક જર ઝવેર લાવીને તેના પગ આગળ મુકયુ. વળી નવ ગજની લાકડી લાવી કહ્યુ કે તમો આના ઉપર બેસો જ્યા એ પાહાડમાં જવાનો રસ્તો છે ત્યા આગળ તમોને મુકી પાછી આવશે. અસાધ અને અગન્યે એમ કર્યું તેથી લાકડી ઉડીને ખુખાર જંગલમા બુજગર ડોસા આગળ પડી અસાધને અગન્યો આધા બન્ના એટલે લાકડી પાછી ગઇ બન્ને ભાઇ ચશમા તરફ ગયા તેને બુજગર ડોશે કહ્યુ કે ઓ પ્યારાઓ તમો કઇ તરફ જવા માગો છો. તને અસાધે કહ્યું, ઓ મહેરબાન બાપ અમો સોનાનુ પાણી, ગાતુ, ઝાડ, અને બુલબુલ પક્ષી લેવાને જઈએ છીએ એવા તેના શુકનો સાભળી ડોસો બોલ્યો કે ઓ પ્યારાઓ તમારે દુસ્મને આવો રસ્તો કેમ બતાવ્યો તેતો જુલમાત છે, જે જાય છે તે ફરીને આવતુ નથી. તમારા જેવા કેટલાએક શાહજાદા યા સોદાગરો કીંવા

જહાજુનરીઓ ગયા તે ફરીથી આવ્યા નથી, કેમકે તે પહાડ સજી- વન છે વળી સઘળો પહાડ હોકારા કરી બોલે છે તેના પડકારાથી ડરીને પાછુ ફરી જુએ છે તેથી પથ્થરના બની જાય છે જો ત- ગારે જવાની ખાયશ હોયતો તમો પહાડ ઉપર ચડતા પ્રાણ ગયે પાછુ ફરી જોશો નહીં તેને અસાધે કહ્યુ, વારૂ સાહેબ એમ કહી ચશમાને કીનારે જઇ નાહી ધોઇ લીધુ અને ચોખુ પાણી લઇ ફળ ફળાદીક યા શુ જેવી માછલી કીંવા કબાબ યા બીસકુટ ખાવા બેઠા. તેને જોઇ બુજગર ડોસો પાસે આવ્યો, તેને અમન્યાએ ખાણુ ખાવાનું કહ્યુ ડોસાએ તેને ના પાડી, અને પોતાના બોયરામાથી લેહેજતદાર પકવાનો ઇયા મેવા મીઠાઇના ખુમસાઓ લાવીને તેની આગળ મુક્યા; તે ખાણુ ખાઈ ફરાગત થયા એટલે પીરમદ પાસે ગયા અને આ- જીજી કરી કહેવા લાગ્યા કે ઓ મેહેરબાન બાપ તમો અમને મદદ કરી તે પહાડ આગળ પહોચાડો ફરસતાએ કહ્યુ કે આ પાટીયા ઉપર બ- ન્ને સાવધ થઈ બેસો, તે ગને ભાઇ પાટીયા ઉપર બેઠા એટલે ડો- સાએ મંત્ર ભણી ત્રણ ટકોરા માર્યા એટલે પાટીઉ ઉડ્યુ તે સાત કલાકમા દશહજાર ગાઉ તેને ઉતારી મેલ્યા તે બુઝર્ગ ઝાડ નીચે ગયા અને પહાડમાથી પોકાર થવા માડયા પકડો, મારો, વાઢો, કાપો, એને આખોને આખો ગળી જાઓ અરે પાપીઓ દુષ્ટ કર્મના કરનારા તમો અમારે પછવાડે કેમ પડયાછો, અમો તમારૂ શુડું તાકતા નથી તે છતા તમો અમારી પુઠ મુકતા નથી એમ વારવાર ભયાનક શબ્દ નીકળવા માડયા તે જોઈ પોતાના મનમા બીવા લા- ગ્યા, વળી મનમા હિમત લાવી એક બીજાને કહેવા લાગ્યા કે જે ખુદા આપણને અહીં લાવ્યો છે તેજ આપણુ કામ પાર પડશે. ના હિમત થવુ એ કાયરનુ કામ છે તેને અમન્યાએ કહ્યુ કે ઓ

મારા વહાલા ભાઈ આ પહાડ ઊપર પહેલો હુ જાઉં કેમકે તમો મારાથી મોટાછો વળી હુ ગયુ ગએ પાછુ ફરી જોનાર નથી તે ખાતર જમે રાખજો તેને અસાધે કહ્યું કે ઓ અમન્યા તુ પહેલો જાય અને હુ પાછળ રહુ એ કેવુ ગેરવ્યાજબી કહેવાય. વળી લોકમા નીંદા થાય કે પોતાના નાના ભાઇને મોતના ફાસામા નાખી પોતે વેગળો રહ્યો તેને અમન્યાએ કહ્યુ, ઓ મારા પ્યારા તે ફિકર તારા મનમાથી કાઢી નાખ, કેમકે હુ પહેલો જાઉછુ અને પંદર દિવસ ઉપરાત વાર થાય તો તું મારી પછાડી આવજે તેને અસાધ કહેવા લાગ્યો કે ઓ મારા પ્રાણ પ્રિય ભાઇ તારા વીજોગથી હુ જેમ જળ વીના માછલી તરફડે તેમ હુ તરફડયા કરીશ, તુ હરગીજ પાછુ ફરી જોતો નહી કેમકે તે પાહડમા એવી હીકાયત છે કે જે પાછુ ફરી જુએને પથ્થરનો બની જાય છે એ શુકનો આપણે પેલા પીરમરદ પાસેથી સાભળ્યા છે તેને અમન્યે કહ્યુ, તુ બેધડક રહેજે મારી તરફથી ફીકર કરશો નહીં એમ કહી જાય છે, અને પહાડના નજીક ગયો તેને જોઈ હોકારા હોકારા થવા લાગ્યા વળી પકડો, મારો, વાઢો, કાપો, ખુંદો, બાળો ડાટો એમ વારવાર હોકારા થવા માડયા, અને પહાડ હાલવા માડયો આતશના છોલા ઉડવા માડયા, કેટલાએક વાઘ યા સિહ દોડી આવ્યા તેને જોઈ અમન્યાએ પેલી લાકડી પોતાના માથા ઉપર રાખી અને મહોરો પૃથ્વી ઉપર નાખ્યો તે જોઇ વાઘ બરાડા પાડી નાઠા અને પહાડ ફાટવા માડયો, પથ્થરનો વરસાદ થવા માડયો, રાક્ષસો હોકારા કરવા માડ્યા, ચુડેલો ચીસો પાડી સામી આવી, અને તેને કહેવા લાગી કે ઓ નાદાન તુ અમારી પછવાડે કેમ પડયો છે, અમે તારા બાપનુ પાકીને આવ્યા નથી જેમ પૃથ્વીના રાજા તમે છો તેમ

અમે આ જગલના રાજા છીએ, તમે ઇન્માન છો તેમ અમે સેતા ન છીએ અરે ઇન્સાનને સેતાના ઉપર શા કારણથી વૈર રાખવુ જોઇએ એમ વારવાર કહેવા લાગ્યો અગન્યો તેના સામુ જોતો નથી અને પહાડના ઉપર પોતાની એક નજરથી ચાલ્યો જાય છે તેને પગે કેટલાએક અજગરો વીંટાઈ ખેચે છે, તેના ઉપર પેલી લાકડી ફેરવે એટલે અજગરો નાશી જાય છે એમ ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી ચાલ્યા કર્યું અને પહાડના ઘોઘાટ યા વિચિત્ર જૂનો કીંઆ રાક્ષસો અથવા દેવો તેને અતિ દુખ આપતા તેને ન ગણતાં અગન્યો બે ધડક ચાલ્યો જતો તે વખતે એવુ કૌતક થયુ કે તેનો ભાઇ અસાધ તેની પછાડે આવી પોકાર પાડવા લાગ્યો કે ઓ મારા વ્હાલા અગન્યા તુ મને જગલમા મુકી એકલો ચાલ્યો આવ્યો તારી જુદાઇથી અમારૂ અતકરણ બળવા માડ્યુ; વળી આપણ બન્ને ભાઈ કદી જુદા પડ્યા નથી શિકાર કરવા જોડે જતા તેમ આરામની વખતે પલગમા એકઠા સુતા, કદી પળ એક જુદા પડેલા નથી, તેને તુ એકાએક મુકી બેધડક ચાલ્યો જાય છે; પાછુ ફરી જોતો નથી અરેરે! નિરદય તને મારી દયા આવતી નથી. આપણે એક બાપના ફરજન છીએ તેને મુકી તુ ચાલ્યો જાય છે અરે અભાગીઆ મારો જીવ જશે, પાછળથી તને પંસ્તાવો થશે એમ વારવાર કહેવા લાગ્યો તેના એવા શબ્દ સાભળી અગન્યો ભોળાઇને પાછુ ફરી જોવા ગયો તેવોજ પૃથ્વી ઉપર પડયો કે તરત પથ્થરનો બની ગયો, અને જગલ ધ્રુજવા લાગ્યુ એમ સાત દિવસ અને સાત રાત સુધી અસાધ પોતાના ભાઇની રાહ જોઇ બેશી રહ્યો કોઇ વખત બે નવાલા ખાતો અને જારબેજાર રડી પોતાના ભાઇને સભાળતો જ્યારે મુદ્દતભર પોતાનો પ્યારો ભાઇ ન આવ્યો ત્યારે

અમારે એમ જાણ્યુ કે વહાલો અમન્યો જુમમાતમા આવી પડ્યો નહીંતો હરગેજ આવ્યા વિના ન રહે હવે હુ મારી વહાલી બેન બદ્રુમુ પાસે જઇ શુ મોઢુ દેખાડુ જેવા તેના હાલ તેવા મારા થશે યા ખુદાની મેહેરબાનીથી નચીરાતો મારા વહાલા ભાઇના વિજોગથી હુ મારૂ માથુ આ પાહડમા અફળાવી મરીશ કીંવા ખુદા મેહેરબાન થઈ મારા ભાઇને અસલ સુરતે લાવી મારો મેળાપ કરાવશે તો ખુદાના શુકરાન કરી બન્ને ભાઇ પોતાની મુરાદ પુરી કરી અમારી વહાલી બેને જે વસ્તુઓ મગાવી છે તે લઈ ઘેર જઇશું અરે અરે અમન્યો બાળક તે ભોળવાઇને તેણે પાછુ ફરી જોયુ હશે નોહુ હરગેજ છેતરાવાનો નથી, જ્યા સુધી મારી જીંદગી રહેશે ત્યા સુધી હુ પાછુ ફરી જોનાર નથી અરે મારા જાનનુ રક્ષણ કરનાર લાકડી યા મોરો મારા ભાઇ પાસે રહ્યો, ઠીક ખુદા હકનાન છે ઓ આતશ બેહેરામ તુ મારી મદદે આવજે, તારા સિવાય મારૂ આ જગતમા કોઇ નથી જે મારો પ્યારો ભાઈ હતો તે આગળથી ગયો એમ કહી પહાડ તરફ ચાલ્યો, તેને જોઇ પહાડ ગર્જના માડ્યો, તેની ગર્જના આસમાનમાં ગઇ. વળી એવા શબ્દો થવા માડ્યા કે ઓ દુષ્ટ ચડાળ પાપી તને શરમ કેમ નથી કે હજુ અમારો પીછો મુકતો નથી, તારૂ ખાણુ ખરાબ થાય તને બસ્તે મુકે ઓ બેવકુફ ગધેડાના સરદાર તારો ભાઇ ગેબ થયો વળી તુ મરવાને માટે આવે છે તેના શબ્દોને ન ગણતા અસાધબે ધડક ચાલ્યો એટલે વિચિત્ર શબ્દ થવા માડ્યા. ફરીથી પકડો, મારો, વાઢો, કાપો, બાળો, ડુબો, ડારો, અને આખોને આખો ગળી જાઓ એમ હોકારા વારવાર થવા લાગ્યા વળી કેટલાએક ફાડી ખાનારા જાનવરોએ ચીઠી લાવે તે જોઇ અસાધબે બાકળો થયો, તોય હિંમત હારતો

નથી પોતાના કદમ આગળ ખસેડતો જાય છે તેની પછવાડે ભુત હોકારા કરે છે, રાક્ષસો સુવરના મુડદા તેના ઉપર ફેંકે છે, રૂંવીરનો વરસાદ થવા માંડયો, ચુડેલો કળાહોળ કરવા લાગી, પહાડ ફાટવા માંડયો, ઘુડ પખી બોલવા માંડયુ, અરે પાપી તુ અમારી પછવાડે કેમ થયો અમે તારા બાપનુ ખાતાને અહીં રહ્યા નથી, આ પહાડ સેનાનાા બાદશાહનો છે, અહીં આ ઇન્સાનનુ કાંઇ લાગતુ નથી. અરે ઓ નાપાક તુ પાછો જા એમ શબ્દો થતા હતા તેની બીક ન રાખતા અમાશ્ બે ધડક ચાલ્યો જતો હતો તેણે પોતાના ભાઈ અમન્યાને પથ્થરનો બનેલો જોયો તે જોઇ જારબેજાર રડવા લાગ્યો. માથાના વાળ પીંખવા લાગ્યો વળી હીંમત લાવી મન સાથે કહેવા લાગ્યો કે ઓ અમાધ તુ ના હિંમત ન થઇશ આ વખતે તારો બેની કોઈ નથી, મારો ભાઇ બહાદુર હતો તે પથ્થરનો થઈ પડયો છે હવે મારે હિંમત હારી નાદાન થવુ કામનુ નથી એમ મનનું સમાધાન કરી જુએ છે તો પેલા પીરમરદે આપેલો મહોરો યા લાકડી પડયા હતા તે અસાધે લીધા, અને પેલી લાકડી પોતાના માથા ઉપર રાખી તેથી ઉલ્કાપાત થતો બધ પડયો અને જગલ ધ્રુજવા લાગ્યુ પહાડ હાલવા માંડયો, અસાધ બેધડક ચાલવા લાગ્યો, તેની પછવાડે દરદ ભરેલા શબ્દ થવા માંડયા ઓ અસાધ મારા વહાલા ભાઈ અમન્યો કયા ગયો તુ કીંવા અમન્યો મને ખુખાર જગલમાં મેલી ચાલ્યા ગયા અરેરે તારી બેનની તને દયા આવતી નથી, હુ તમારી પછવાડે જોગણ થઈ ફરૂ છુ, કેટલાએક દિવસ સુધી જગલે જગલ અને પહાડે પહાડ ફરી ખુદાએ આજ તમારો પત્તો મેળવ્યો, હવે તુ ઉભો રહે અને તારી વહાલી બેનને એક હોકારો દે, કેમકે આ પહાડમાં મને ડર લાગે છે. એમ અનેક શબ્દો બોલી ત

સાભળી અસાધને દયા આવી કે જેને માટે આટલી મુશીબત પડી છે તે બેન જારબેજાર રડે છે માટે તેને મારે બોલાવવી જોઇએ એમ મન સાથે વિચાર કરી પાછુ ફરી જોવા ગયો તેવોજ પૃથી ઉપર પડયો કે તરત પથ્થરનો બની ગયો અરે વાચનાર બન્ને ભાઇ પથ્થરના બની જાદુના પહાડમા પડયા છે તે કોઇ જાણતુ નથી, કેમકે તેની વહાલી બેન બદુબુ તેની વારસ હતી તે સિવાય બીજુ કોઇ નહોતુ. તે પોતાના મહેલમા પોતાના ભાઇની રાહ જોઇ પોતાના દહાડા કાઢતી અને તેની મુદત પુરી થઇ તોય ના આવ્યા એટલે પોતાના મન સાથે કહેવા લાગી કે ઓ વહાલા અસાધ યા અમન્યા તમારો વાયદો પુરો થયો, હજુ તમો ના આવ્યા અરેરે હુ પાપણી કેવી-કે જેણે પોતાના ભાઇને જગલમા કાઢી એકલી અહીં પડીછુ. હવે મારે તેની પછવાડે જવુ જોઇએ, એમ કહી તબેલામાંથી પાણી પથ્થો રેવત છોડયો અને તેના ઉપર સોનેરી હીરા માણેકથી જડેલુ સાજ માડયુ અને પોતે મરદનો પોશાક પેહેરી ખુબસુરત શાહાજાદો બની તમામ હથીઆરો બાધ્યાં જર ઝવેરનો ખડીઓ ભરી ઘોડા ઉપર નાખ્યો કેમકે જર તગી અને મુશ્કેલી વખતે કામ લાગે, વળી હીરા માણેક મોતી મણીઓના હાર પેહેરી લીધા અને પોતાનાં મેહેલનુ રક્ષણ કરવા રખેવાળ વિશ્વાસુ ચાકરને મુકી ચાલતી થઇ તે રાત દહાડો ચાલી જાય છે એટલે તે ખુખાર જગલમા આવી પુગી જુએ છે તો અનેક ઝાડો હરીયાળીથી ભરપુર હતા ત્યાં આગળ એક સુસોભીત મેહલ હતો તેની નજીક નીર્મળ પાણીનો ચશમો હતો તેની આગળ બદુબુ સહેજાદી ઊતરી પોતાનો અસ્વ ઝાડને થડે બાધ્યો, અને પોતે નાહી ધોઇ પાક થઇ કસતી ફેરવી સુર્યની પૂજા કરી ખાણુ ખાધુ. એટલામા કેટલાએક દેવો

આવી તેને વીંટી લીધી, અને કહેવા લાગ્યા કે ઓ નાપાક તું કયાંથી આવે છે અને અમારા ચશમા ફીનારે કેમ પડયો છે? તેને બદ્રુખુએ જવાબ દીધો કે ઓ નાદાનો ઇન્સાન ઉપર દ્વેષ કરી તેને દુખ દેવા મશહુર થાઓછો એ કેવુ ખેદકારક છે તેને દેવોએ કહ્યુ કે આ જગ્યા અમારી છે અહીં જે ઇન્સાન આવે છે તેને અમો મારી નાખીએ છીએ; યા અમારા રાજા પાસે લેઈ જઇએ છીએ, આજે તુ અમને મળ્યો તો હવે અમારા રાજા પાસે ચાલ તેને બદ્રુખુએ કહ્યુ કે ઓ નાપાક તમારો રાજા કયાં આગળ રહે છે અને તેનુ નામ શુ છે, તેને દેવોએ કહ્યુ કે અમારો રાજા આ પહાડ ઉપર રહે છે અને તેનુ નામ અમર જાદુગર છે તે જે કોઇ ઇન્સાન આવે છે તેને અધારી ગારમાં (ભોયરામા) પુરે છે અને લાગ પડે તેને શેકી ખાય છે તેના એવા શુકનો સાભળી બદ્રુખુ બોલી કે ઓ હરામખોરો તમારો રાજા એરો ધાતકી છે તેને આજ હું પરાજય કરવાનો છુ, એમ કહી દેવોના સામી ઇસમે આજીજ પઢવા માડી તેથી દેવ બળવા માંડયા અને બુબારણુ પાડી નાસવા લાગ્યા તેના દરદભરેલા શબ્દો સાંભળી અમર જાદુગર પોતાનું જાદુ ફેકવા માડયો તેથી પથ્થરનો વરસાદ થવા લાગ્યો તેના સામી બદ્રુખુ આતશ બહેરામની બંદગી કરી ઇસમેઆજીજ પઢવા માડી, તેથી પથ્થર તેને લાગતા નહોતા એમ સાત દહાડા અને સાત રાત સુધી દેવોએ તેને રોકી રાખી અને પથ્થરનો વરસાદ ઉપરા ઉપર કરવા માડયો તેનુ રક્ષણ ખુદાએ કર્યું આસમાનમાથી અચાનક એક ફ્રસતો આવ્યો અને બદ્રુખુને કહેવા લાગ્યો કે ઓ પ્યારી બેટી એ નાદાન દેવો તને દુખ દેછે તેને તું આ લાકડી બતાવ તે જોઇ નાશી જશે, એમ કહી તેને સાત કાતળીની લાકડી આપી ફ્રસતો ગુમ થયો અને બદ્રુખુએ

દેવોને લાકડી બતાવી તેથી આતશના ભડકા થવા માંડયા અને દેવો બુમ પાડી નાશી ગયા તે પોતાના રાજા પાસે જઇ કહેવા લાગ્યા કે ઓ મારા મહેરબાન બાપ તારૂ જાદુ ચાલતુ નથી અને તે અમોને બાળી નાંખે છે તેના એવા શુકનો સાભળી અમર જાદુગર પોતાનુ જાદુ ફેંકતો ફેંકતો બકુબુ ની સામો આવ્યો તેને આવતો જોઇ બકુબુએ લાકડી બતાવી ઇસમે આઝીજ પડવા માંડી તેથી જાદુગર બળવા લાગ્યો અને બુમ પાડી પોકાર કર્યો એટલે તેનો ગુરૂ લાલ જાદુગર આવ્યો અને પહાડ, પર્વત ફેંકવા માંડયો, તે જોઇ બકુબુએ પીરમરદની આપેલી લાકડી સામી રાખી તેથી તલેરામાત પહાડો તેની ચારે બાજુએ પડવા માંડયા, તેનો કોટ બની ગયો. બકુબુ અંદર ભરાઇ બેઠી તે ત્રણ દહાડા સુધી રહી તેને પેલે ફ-રસ્તે આવીને કહ્યું કે ઓ સહેજાદી તુ આમ કેટલાએક દિવસ બેસી રહેશે વોબી તારો પાર આવવાનો નથી મે જે તને લાકડી આપી છે તે આ કોટમાં ઠોક તેથી કોટ જાદુનો બનેલો છે તે ઉડી જશે, અને તે નાહાન દેવોના સામી લાકડી લઇ દોડ તેથી બળીને નાશી જશે એવા તેના શુકનો સાભળી બકુબુએ એમ કર્યું તેથી વલેશમાત જાદુથી બનેલો કોટ તૂટી ગયો, અને બકુબુ દેવો સામી દોડી. તેને જોઇ જાદુગર બળવા માડયો અને બુમ પાડી સર્વ દેવ નાશી ગયા, અને બકુબુએ પોતાનો રસ્તો લીધો આગળ ચાલતાં એક અબર આવી તેમાં બકુબુ ઉતરીને જુએ છે તો મોટુ મેદાન સાલમ પડયુ આગળ ચાલતાં એક દેવાલય તેના જોવામા આવ્યુ, તે તરફ બકુબુ ચાલી, તેને જોઇ રાક્ષસ સામો આવ્યો અને પોતાના મોઢામાથી આતસના છોલા ઉડાડવા માડયો સહેજાદીએ તેના ઉપર ખજરનો ઘા કર્યો તે જોઇ રાક્ષસે દમ ખેચ્યો તેથી બકુબુ

તેના પેટમા ગઇ, અને જુએછે તો તેને અંધારૂ માલમ પડયુ, પ
ણી પેટમાની ગરમી કીંવા ગંદકીથી હેરાન થઇ તે આસપાસ દો
ડવા માંડી અને અકળાઇને પોતાના હાથમાં કટાર લીધો તે જોર
થી ભોંકવા લાગી તે વાગવાથી રાક્ષસ અકળાયો અને પોતાના ગ
સાથે કહેવા લાગ્યો કે આ નવાલો એવો ખરાબ છે કે આખો જ
ન્મારાનું ખાધેલુ બહાર નીકળશે, એમ કહી ઓકારી કરવા મંડે
એટલામા બદ્રુનુએ તેનુ પેટ ચીરી નાખ્યું તેથી લોહી અને પરૂને
દરીયો બન્યો, તેમા બદ્રુનુ ડૂબવા માંડી ઘડીએક પછી જુએ છે
તો નહીં તે નગર નહી તે મેદાન તેને એક જાનાવર નજરે જોવાગ
આવ્યુ અને તે પકડવા જાયછે તેવુજ તે જાનવર બદ્રુનુને કમરથી
પકડી બુલંદ પહાડ ઉપર લઇ ગયો, તેને મુકી જાનવર ગુમ થયું
સહેજાદી વિસ્મય થઇ ખુદાના શુકરાન કરવા લાગી, એટલે પરીયો
નુ ટોળુ આવ્યુ તેણે બદ્રુનુને જોઇ તેની તરફ આવીઓ અને તે
ને કહેવા લાગીઓ કે તુ કોણ છે અને આ જગો ઉપર શા માટે
આવ્યો છે, તેને સહેજાદીએ જવાબ દીધો કે મને ખુદા લાવ્યો છે
મે આ પહાડ મારા જન્મારામા જોયો નથી તેને પરીઓએ કહ્યુ
કે અરે નાદાન તુ જાણતો નથી કે આ પહાડ પરીજાદનો છે
અહીં જે ઇન્સાફ આવે છે તેને અમો બાળી નાખીએ છીએ પ
તેને કાપીને ખઇ જઇએ છીએ, એમ કહી લાકડા એકઠા કરવા મા
ડયાં અને બદ્રુનુની ચારે બાજુએ કોટ બનાવ્યો પછી અગ્ની મુ
કી ચાલતી થઇ અગ્નીના છોના ઉડવા માડયાં, બદ્રુનુએ પીરગર
દની આપેલી લાકડી પોતાના માથા ઉપર ફરવી તેથી અગ્ની તેની
નજીક આવ્યો નહીં જ્યાં સુધી લાકડાં બળ્યા ત્યા સુધી અગ્નિન
ભડકા આસમાન સુધી ઉછળ્યા, જ્યારે બળીને શાંત થયુ ત્યારે સ

સેહેલાદી ત્યાંથી ચાલી આગળ જાય છે તો તેજ ટોળુ તેને મળ્યું તેણે કહ્યું કે ઓ ગધેડાના સરદાર બેવકુફ અમોએ ચાર દહાડા પહેલા તારા જેવા ખુબસુરત જુવાનને બાળી નાખ્યો હતો તું ફરીથી ક્યાંથી આવ્યો તેને સહેલાદીએ જવાબ દીધો કે અરે નાપાકો તમો એમ જાણોછો કે ચાર દહાડા પેહેલો એક જુવાનને બાળી મુક્યો હતો વળી મને જોયો તે સર્વનુ રક્ષણ આતશ બેહેરામ કરે છે, તમો ઇન્સાન ઉપર દોષ કરી ખુદાના ગુનેગાર થાઓ છો તેના એવા શુકનો સાભળી તેમાંની એક બોલી કે આને આપણે સમુદ્રમાં ફેંકો એટલે બલા દુર થાય બીજીએ કહ્યુ કે વધારે સારૂ તો એજ છે કે તેને આપણા રાજા પાસે લઇ જઇએ એમ કહી પરીઓએ બહુબુને બાધી પોતાની પીઠ ઉપર બેસાડી પરીઓના રાજા પાસે લઇ ગઇઓ, તેને જોઇ અભય પરીજાદ બેહદ ખુશી થયો અને કહેવા લાગ્યો કે ઓ ખુબ સુરતના જુવાન તુ શા માટે આટલી મુશીબત વેઠી આવ્યો છે તેને સેહેલાદીએ જવાબ દીધો કે ઓ મહેરબાન હુ મારૂ ઘરબાર છોડી જ ગલે જ ગલ અને પહાડે પહાડ ફરૂ છુ તો પણ મારા ભાઇ મારા જોવામાં આવતા નથી તેમ તે રસ્તો મને કોઇ બતાવતુ નથી, તેને પરીઓના રાજાએ કહ્યુ કે તારા ભાઇ શા માટે નીકળ્યા છે અને તુ ક્યા જવા માગે છે, તેને બહુબુએ જવાબ દીધો કે મારા ભાઇ ગાતુ ઝાડ, બુલબુલ પક્ષી અને સોનાની હોજનુ પાણી લેવા જાદુથી બનેલા તલેશ માત પહાડ તરફ ગયા છે તેને પરીના રાજાએ કહ્યુ કે ઓ નાદાન એવુ તારે દુસ્મને બતાવેલુ તેથી તે બન્ને પથ્થરના બન્યા હશે, તે જગ્યો જુલમાત છે ત્યા અમારી કોમથી જવાતુ નથી તો ઇન્સાન શી રીતે જઇ શકે હવે તું તારૂ જાન બચાવી પાછો જા, તેને સેહેલાદીએ

કહ્યુ કે જો કદી મારો જાન જશેતો ખુશ્બાન છે પણ હું મારા બાપને જોયા વિના પાછી જનાર નથી તેને પરીઓના રાજાએ પોતાની પરીયોને હુકમ કીધો કે આને આપણી સરહદ સુધી મુકી આવો પછી એની નજરમા આવે ત્યા જશે પરીઓએ પોતાની પીઠ ઉપર બેસાડી સાત દહાડા અને સાત રાત ઉડયા કર્યું એટલે પેલી ગભર નો છેડો આવ્યો ત્યા બદ્રુખુને મુકી ચાલતા થયા; બદ્રુખુ જુએ છે તો પોતાનો ઘોડો ઉભેલો છે તેના ઉપર સ્વાર થઇ આગળ ચાલી, અને ઘોડો ઘણા દિવસનો ભુખ્યો હતો તે અડબડીઆં ખાઇ નીચે પડયો તેવાજ તેના પ્રાણ નીકળી ગયા બદ્રુખુ અફસોસ કરવા લાગી તેને એક ડોસો મળ્યો, તેને જોઇ બદ્રુખુ પગે પડી એટલે બુજગર ડોસો તેના ઉપર રેમ વરસાવી કહેના લાગ્યો કે ઓ ખુબ સુરતના જુવાન તું આ ખુખાર જગલમા કેમ ફરે છે, અહીં ફાડી ખાનારા જાનવરો યા રાક્ષસો ઘણા છે તે તારા જીવને જોખમમા લાવશે તેને સેહેજાદીએ કહ્યુ કે ઓ મેહેરબાન બાપ મારૂ રક્ષણ તમારા જેવા પીરમરદો કરે છે અને વળી કરશે તેને ડોસાએ એક મણી આપ્યો અને કહ્યુ કે ઓ બેટા આ મણીમા એટલો ગુણ છે કે અગ્નિથી બળીશ નહીં, પાણીમા ડુબીશ નહીં, ઝેરી જાનવરોનુ ઝેર અસર કરશે નહીં, જાદુ યા મત્ર તારા ઊપર ચાલશે નહીં એમ કહી ડોસો ગુમ થયો, બદ્રુખુ આસપાસ જોના લાગી. તેણે ડોસાને જોયો નહીં એટલે ખુદાનાં શુકરાન કરી કસતી ફેરવી સૂર્યની બદગી કરી પોતાના મન સાથે કહેવા લાગી કે ખુદા સર્વનુ રક્ષણ કરે છે, શેહેરમા યા જગલમા દીવા પહાડમાં અથવા સમુદ્રમા જેણે તેને મણી આપ્યો તે આતશ બેહેરામ પોતે હતા, તે પોતાનો બદો જાણી તેના રક્ષણ માટે આપ્યો હતો, હવે બદ્રુખુએ જાદુના ચમત્કારીક

પહાડ તરફ ચાલવા માંડયું, આગળ જતા એક ચસમો તેના જોવા-મા આવ્યો તેમા રૂધીર અને પાચ ભર્યું હતુ તે જોઇ આશ્ચર્ય થઇ આગળ ચાલી એટલે કેટલીએક ચુડેલોએ તેને વીંટી લીધી અને કહેવા લાગી કે આને શેકીને ખાઓ યા કાચો કાપી ખાઓ, એમ ભયાનક શબ્દ બોલવા માંડીઓ તેને પીરમરદે આપેલી લાકડી બતાવી ને જોઇ પોકાર કરી નાસવા માંડીઓ, તેની પછવાડે બદ્રુખ દોડી અને તે પહાડ ઉપર ગઇ તેને જોઇ પહાડનો રાજા બડો ભુત આવ્યો, અને બદ્રુખને પગે પકડી સમુદ્રમા ફેંકી દીધી, તેને મગર ગળી ગયો, સહેજાદી જુએ છે તો પોતે મગરના પેટમા છે એમ ધારી હાથમા ખંજર લઇ ભોકવા માંડી, તે વાગવાથી તેના આતરડા તુટવા માંડયા તેથી મગર અકળાયો અને કીનારે આવી તેને કાઢી નાખી. બદ્રુખ તેના પેટમાથી સમુદ્રની રેતીમા પડી, ઘડીએક હોશમા આવી જુએ છે તો પોતાના બદન ઉપરના કપડા ખરાબ થઇ ગએલા હતા તે સમુદ્રમા ધોવા લાગી તેને એક માછલી હાથે પકડી સમુદ્રમા લઇ ગઇ, અંદર જુએ છે તો ભભકાદાર દિવાનખાનાઓ, બાગ, બગીચા, હતા, તેમા બદ્રુખને પોતાની રાણી પાસે લઇ ગઇ, તેને જોઈ સમુદ્રની રાણી પોખરાજ કહેવા લાગી કે એ ખુબ સુરતના જુવાન તુ કયાથી આવે છે તેને સહેજાદીએ જવાબ દીધો કે હુ ઇરાનથી આવુછું, અને મારો ઇરાદો જાદુના ચમત્કારી પહાડ તરફ જવાનો છે. તેને પોખરાજે કહ્યુ કે ઓ પ્યારા એ ખ્યાલ તારા મનમાથી કાઢી નાખ, કેમકે સગરકદનો રાજા અતિ બળવાન છે તેનાથી એ પહાડમા જવાતુ નથી તો તુ ઇન્સાન શી રીતે જઇશ તેને સેહેજાદીએ કહ્યુ કે જે ખુદા મને અહીં લાવ્યો છે તેજ પાર ઉતારશે, તેને સમુદ્રની રાણીએ કહ્યુ કે ઓ ખુબ

સુરતના જુવાન તુ મારી સેહેજાદી જોડે નેકા કરી અહીં રહે તેને બ-
હુરુએ કહ્યુ કે પોતાનુ કામ પાર પડયા વિના અલ્પ સુખને ઈચ્છી
બેશી રહેવુ એ નાદાનનુ કામ છે અરે ઓ પ્યારી રાણી ગારૂ સ-
વં ખેદાન મેદાન થએલુ છે, વળી મારા ઘર બાર સુના મુકી હુ
જગલે જગલ અને પહાડે પહાડ ફરૂ છુ તો બી મારા ભાઇની
ખબર મને મળતી નથી તેમ તે પહાડ કઇ તરફ છે અને કેટલો
દુર છે તે બરાબર ખબર મને કોઇ આપતુ નથી તેને પોખરાજે
કહ્યુ કે તારા ભાઇ જાદુના પહાડમા શા માટે ગયા છે તે બ્યાન
મારી આગળ વિગતવાર કહી બતાવ, હુ તારૂ રક્ષણ થાય એવો
રસ્તો બતાવુ તેને સેહેજાદીએ કહ્યુ કે તે ગાતુ ઝાડ, બુલબુલ પ-
ક્ષી અને સોનાની હોજનુ પાણી લેવા ગયા છે તેને સમુદ્રની રાણી
એ કહ્યુ કે ઓ પ્યારી તુ બહુ ખુબ છે, અરે હુ તને અત્યાર સુધી
પુરૂષ જાણતી હતી, હવે મારી પુર્ણ ખાતરી થઇ કે તુ પોતાના
ભાઇ અસાધ અને અમન્યા વાસ્તે નીકળી છે, મને પીગમરદે કહ્યુ હતુ
કે ઇરાનની સહેજાદી એક વખત તારી પાસે આવસે તે દહાડો આજ
છે હવે મારી માગેલી મુરાદ પુરી થઈ ઓ મારી વહાની આ મારી
ખુબસુરત સેહેજાદી તારા ભાઇ અસાધ ને હુ બક્ષીસ આપી ચુ-
કી છુ, તુ તેની પછવાડે જા, અને એ બન્ને પથ્થરના બનેલા છે
તેને અસલ સુરતમા લાવી પાછી આવ અરે પ્યારી એ પહાડ એ-
વો બીયાબાન છે કે જે માણસ તેના ઉપર જતાં પાછુ ફરી
જુએ છે તે પથ્થરનુ બની જાય છે, તુ હરગેજ પાછુ ફરી ન જો
જે જો કદી તારા ભાઇ બન્ને એમ કહે કે ઓ મારી વહાલી બેન બહુ
ખુ અમો તારી પછવાડે હેરાન થઇ ફરીએ છીએ એમ અનેક કૌ-
તુક કરી કહેવા લાગે તે ખરૂ માની પાછુ ફરી જોઇશ ના, કેમકે

તે તશેશગાત શબ્દો થાયછે વળી જે ઘુડ પક્ષી છે તે પહાડનો રાજા છે તેને પીરમરદે પકડી પાંજરામા ઘાલ્યો છે, એવા સમુદ્રની રાણીના શુકનો સાંભળી સહેજાદી બોલી કે ઓ મારી વહાલી એ ઘુવડને પાંજરામા ઘાલવાની પીરમરદને શી જરૂર હતી તેને સમુદ્રની રાણીએ કહ્યું કે ઓ પ્યારી એ પક્ષી નથી એતો વિકાળ કાવ્યપવન રાક્ષસ છે તે જાદુના કામમા ઘણો હોશિયાર છે તેણે કેટલાએક ઇન્સાનો યા દેવો કીંવા પરીજાદોને હેરાન કર્યાં છે, વળી વસતા લોકો ઉપર તે ઘણો દ્વેશ રાખતો તેથી એના એવા હાલ કર્યા છે તોબી તેનુ જાદુ ફેકયા કરે છે, અને રાજકુમારો યા સોદાગરો વિગેરે જે તેના પહાડમા જાય છે તેને પથ્થરના બનાવી દે છે, માટે તુ સાવધ રહેજે અને એ પક્ષી નજદીક જઈ તેની બન્ને પાંખો પકડી બાંધી લેજે જ્યારે તારી મુરાદ પુરી થાય એટલે તેને જાનથી મારી નાખજે, તેથી તલેશમાત બંધ પડશે એવા સમુદ્રની રાણીના શુકન સાંભળી બદ્રુખુ સલામ કરી કહેવા લાગી કે ઓ મેહેરબાન બાનુ મને પાસે પૃથ્વી ઉપર મુકવાનો હુકમ કર એટલે હુ મારે રસ્તે પડુ સમુદ્રની રાણીએ પોતાની લોડીને હુકમ કર્યો કે આને જે જગ્યા ઉપરથી લાવી છે ત્યા મુકી આવ, એટલે લોડીએ માછલીનુ સ્વરૂપ લઇ બદ્રુખુને હાથે પકડી સમુદ્રના કિનારૂ પર મુકી ચાલી ગઈ, અને સહેજાદી વિચાર કરી ઝાડની નીચે બેઠી તેને કેટલાએક જીનોએ વીંટી લીધી તે જોઈ બદ્રુખુ પોતાના મન સાથે કહેવા લાગી કે વળી આ બલા કયાથી આવી એટલામાં તો જંગલ ધ્રુજવા માંડયુ, ઝાડ મુળમાથી પડવા લાગ્યા, પથ્થરનો વરસાદ થવા માંડયો તે જોઇ પેલો મણી પૃથ્વી ઉપર નાખ્યો, તેના તેજથી જીન બેહોશ થઇ પોકાર કરી નાસવા માંડયા. તેની પછવાડે

કે બદ્રુખુ લાકડી લઇ દોડી તે જોઇ જીનો અગ્નીના ભડકા કરવા લાગ્યા અને હાડ, લોહી, પરૂ, વિષ્ટા વિગેરે ગદા પદાર્થો બદ્રુખુ ઉપર નાખવા માંડયા તેથી સહેજાદી નાપાક થઇ પેલો મહોરો પોતાના હાથમા રાખ્યો, જીનોનુ જોર વધવા માંડયુ, બદ્રુખુ આમતેમ જોવા લાગી તોપણુ પાણીનો ચશમો તેણે જોયો નહીં તેથી અનહદ કષ્ટ પામી ખુદાના શુકરાન કરી પૃથ્વી ઉપર પડી, અને પેલો મણી પોતાના મોંમા રાખ્યો જીનોએ તેના ઉપર પથરા ફેંકવા માંડયા, તેથી પહાડની મીશાલે તેના ઉપર ઢગલો થયો. સહેજાદી મણીના પ્રતાપથી ચગદાણી નહી, જેમ પર્વતમા ગુફા હોય તેમ બદ્રુખુની આસપાસ પથરા રહ્યા અને પોતાણુમા બદ્રુખુ પડી રહી, જીનોએ જોયુ તો તેની નજરે તે ન પડી એટલે જીનો ચાલ્યા ગયા અને આસમાનમાથી ગેબી શબ્દ નીકળ્યો કે ઓ સહેજાદી તું આ જગ્યો ઉપર કેટલાકાળ સુધી પડી રહેશે તોબી તારો પાર આવનાર નથી, તેમ પથરા દુર થનાર નથી તારી પાસે જે લાકડી છે તે ઠોક તેથી પથ્થર દુર થશે અને અહીંથી થોડે દુર ચશમો છે ત્યાં આગળ નાહી ધોઇ પાક થા ઓ ગેબી શુકનો સાભળી સહેજાદી હીમતમા આવી તેણે પેલી લાકડી પથ્થરમા ઠોકવા માંડી તેથી પથ્થર દુર થયા બદ્રુખુ આગળ ચાલી એટલે ચશમો આવ્યો તેમાં નાહી પાક થઈ કસતી ફેરવી ખુદાની બદગી કરવા લાગી, અને ખાણુ ખાઇ ચાલવા માંડી. તે બુલદ પહાડ ઉપર ગઇ, જેની ટોંચ આસમાનને લાગી હતી તેની શીખર ઉપર સહેજાદી સાત દહાડાને સાત રાતે પુગી, જુએ છે તો એક તરફ રેતીનો દરિઓ અને બીજી તરફ પાસિફીક મહાસાગર. એક તરફ ખુખાર જંગલ, અને ચોથી તરફ જુલમાતના પહાડો, જેમાંથી અગ્નિના ભડકા ઉડી આકાસને

બાળતા હતા, વળી અનેક બીયાબ્યાન શબ્દો નીકળતા હતા વારં- વાર એમ થતું હતુ કે પકડો, વાઢો, મારો, કાપો, ફુંદો એને આ- ખોને આખો ગળી જાઓ એવા અનેક શબ્દો તેને કાને પડવા મા- ડયા તેથી બદ્રુખુ બીવા લાગી કે ઓ ખુદા તારી દુનિઆમા સેતા- નનુ ઘણુ જોર છે તે ઇન્સાનને અતિ દુખ આપે છે ઓ આતસ બેહેરામ મારી વારે તુ ચડજે, તારા વિના બીજો મારો બેલી નથી એમ કહી કસતી ફેરવી બદગો કરી એટલે એક ડોસો તેની નજરે પડયો તે પીરમરદ લાખો વરસનો હતો, જેની આખોની પાપણો ઝુકીને આડી હતી, માથાના પા આખા શરીરના વાળ સફેદ હતા અને તેની લાલચટક આખો હતી હાથમા મુગદળ પકડયો હતો એવા પાક અને પરહેજગાર પુરૂષને જોઇ બદ્રુખુ તેના પગમાં પડી કહેવા લાગી કે ઓ મેહેરબાન બાપ આ વેળા તુ મારૂં રક્ષણ કર કેમકે મારે જુલમાતના પહાડોમા જવુ છે તો તારા જેવા બાપની મદદ જોઈએ, ડોસાએ તેને હિંમત આપી કહ્યુ ઓ મારી પ્યારી બેટી તુ બેધડક રહે, તારી રક્ષાને માટે બેહેરામે મને મોકલ્યો છે જા તુ આ મુગદળ ઉપર બેસ એટલે તે ઉડશે અને તને જુલમા- તના પહાડમા મુકી પાછો આવશે વળી બેટા તને શીખામણ આ- પુંછું કે તુ હરગેજ પાછુ ફરી જોઇશ નહીં તેને બદ્રુએ સલામ કરી મુગદળ ઉપર બેઠી પીરમરદે બેહેરામનુ નામ દઇ ધોકા માર્યો તેવો- જ મુગદળ આકાશ માર્ગે ચાલ્યો; તે જુલમાતના પહાડની તળેટીમાં ગયો અને સહેજાદી હેઠી ઉતરી જુએ છે તો પોતાના ભાઇના કપ- ડા ઝાડની ડાળીએ બાંધેલા હતાં તેને જોઈ બદ્રુખુ જારબેજાર રડવા લાગી, અને માથાના વાળ ખીંચવા માંડી પેલો મુગદળ પીરમરદ પાસે ગયો તેને બદ્રુએ પુછ્યુ કે ઓ મુગદળ સહેજાદી ખુશીમાં છે.

તેને મુગદળે જવાબ દીધો કે સહેજાદી જારબેજાર રડે છે અને પોતાના બાલ પીંખે છે અને હાય પોકારી પોતાનું મુસ્તક ઝાડના થડ સાથે અફળાવે છે, મુગદળના એવા શુકનો સાંભળી પીરમરદ આકાશ માર્ગે ચાલ્યા તે પહોર એકમા તેની પાસે ગયા અને અંતરીક્ષથી કહેવા લાગ્યા કે ઓ મારી બેટી તુ આ ઝાડ નીચે રહીશ તારૂ જીગર ફેંકીને લખો વરસ પડી રહેશે તોપણ તારો પાર આવનાર નથી. તુ જે કામને સારૂ આવી છે તે કામ જલદી કર. આમો પરહેજગાર પુરૂષથી નાપાકના પહાડમાં અવાય નહીં થા ઘડીએક ઉભુણી રહેવાય નહીં માટે જલદી કર, અને તારા વહાલા ભાઇને ઊંઘમાથી ઉઠાડ. વળી કેટલાએક સહેજાદાઓ કીંવા સોદાગરો અથવા વેપારીએ બેહાલ પથ્થરના બની પડયા છે તેને અસલ સુરતે લાવ, જેથી તારૂ કલ્યાણ ખુદા કરશે વળી તારી નામના જુગો જુગ કાયમ રહેશે એવા પીરમરદના શુકન સાંભળી સહેજાદી હિંમતમા આવી પોતાના કદમ પહાડ તરફ ફેરવ્યા એટલે પીરમરદ ગુમ થયો સહેજાદી પહાડ તરફ ચાલી તેથી હોકારા થવા મંડયા તોડો, કચરો, કાપો, વાઢો, બાળો, તેને ફુંકો, અરે ઓ બેધગાન લુચ્ચી તને લાજ કેમ નથી કે ચંડાળણી તુ અમારી પછવાડે લાગી છે, જાણતી નથી કે તારા બન્ને ભાઇ બેહાલ થઇ પડયા છે તેમ તારા બે હાલ થશે, એમ વારવાર વિચિત્ર પ્રકારે શબ્દો થવા માંડયા અને આતશના ભડકા આકાશ સુધી ઉડવા માડયા, અડુંગું બેધડકે ચાલવા માડી તેથી કેટલાએક અજગરો તેને ધમે વીંટાઇ વળ્યા તેને પેલી પીરમરદે આપેલી લાકડી અડાડી બાળી નાખ્યા એમ કતોહળ અનેક વિઘ્ન થવા માડયા, કેટલાએક રૂંડમુંડ તેના પગમા અથડાતા, કેટલા માથા વિનાના તાડની [illegible]

મા હીરીઓ લપ દોડમ દોડ કરતા કેટલાએક ભુતો તેને વીંટી તેનુ માંમ તોડવાનો ઇરાદો રાખવા તેને બદ્રુઅે મણી બતાવ્યો તે જોઈ પોકાર કરવા માડયા, પહાડ ફાટવા માડયો, જગલ ધ્રુજવા માડયુ, ચોતરફથી અગ્નિ થવા માડયો, રાક્ષસો યા જાદુગર પોકાર કરવા લાગ્યા, દિશાઓ ક્ષીણ પડી બદ્રુખ પહાડમા સગાઇ ગઈ અને પહાડ અંધ થયો આકાશમાથી શબ્દ થયો કે ઓ બદ્રુખ હિમત રાખી પેલો મણી પૃથ્વી ઉપર નાખ નહીં તો જુલમાતના પહાડમા ચગદાઇને પથ્થર બની જશે એવા શુકનો સાભળી સહેજાદીએ મણી ફેકી દીધો તેથીજ પહાડની સપાટી ઉપર પોતે આવીને જુએ છે તો સઘળા જુલમાતો સેતાનો પોકાર કરે છે સહેજાદી એક નજરથી ચાલવા માડી, તલેશમાત પહાડમા ફરીથી શબ્દ થવા માડયા પકડો, વાઢો, કાપો, છુદો, મારો, બાળો એને કાપીને ખાઇ જાઓ યા આખીને આખી ગળો એમ ચોતરફથી પોકાર થવા લાગ્યા અને પથ્થરનો વરસાદ કરવા માડયા સહેજાદી બેધડક ચાલી જાય છે તેણે પોતાના ભાઇ આગન્યાને પથ્થરનો બનેલો જોયો, તેના મામુ જોઇ ગળગળી થઇ રડવા માડી વળી પોતાના મન સાથે કહેવા લાગી કે ઓ બદ્રુખ તુ આ કષ્ટને વિશે પોતાના ભાઇને જુલમાતમાં પડેલો જોઇ રડશે તો તારા બી હાલ એવા થશે એમ આસાધને બી જોયો અને આગળ ચાલી ઘુવડ પક્ષી પોકાર કરવા લાગ્યો ઓ પાપણી, ચડાળણી, દુષ્ટા સુવરના પેટની તને શરમ કેમ નથી કે તુ બે ધડક ચાલી આવે છે. અરે રડી તારા બાપનુ આમારે છ બદાગનુ દેવુ નથી કે કરજ લેવા તુ આવે છે અમો અમારા પહાડમાં રહી સુખ ભોગવીએ છીએ તેને દુખમા નાખવા તુ પાપણી ક્યાથી આવી. સહેજાદી સપાટા બધ ચાલવા માંડી તે સાત હાડા

અને સાત રાત સુધી નહીં પાણી, અનાજ ફક્ત ભુંજેલી માછલી અને મુરઘોના ઈંડા કીંવા બીસ્કુટ ખાતી, તે પેલા ઘુવડના પાંજરા નજદીક ગઈ તેણીએ તેને પાંખો પકડી દોડાવની બાંધી, ઘુવડ પક્ષી તેને આધીન થઈ કહેવા લાગ્યો કે ઓ ઇરાનની સહેજાદી તુ મને જીવતદાન દે તારે જે જોઈએ તે આપુ સહેજાદીએ કહ્યુ કે ગાતુ ઝાડ, બુલબુલ પક્ષી અને સોનાની હોજનુ પાણી, અમીનો કુપો એ ચાર વસ્તુ લેવા હુ તારી પાસે આવી છુ, જો તે નહી આપે તો તારો જીવ લઇશ અને તારા પહાડની માલીક થઇ અહીં રહીશ એમ કહી પક્ષીની પાંખો તોડવા માડી. પક્ષી પોકાર કરવા લાગ્યો અને તેને ગાતુ ઝાડ બુલબુલ પક્ષી, સોનાની હોજનું પાણી અને અમૃતનો કુપો એ ચાર વસ્તુ આપી કહેવા લાગ્યો કે ઓ મેહેરબાન મારા ઉપર મેહેરબાની કરી તુ અહીંથી જા. બદુબુએ હાથમા પાંજરૂ લેઇ પોતાના ભાઈતરફ ચાલી, તેણે તેના ઉપર અમૃત છાટયુ તેથી આળસ મરડો બેઠા થયા અને પોતાની બેનને જોઇ બેહદ ખુશીના દરીયાનમાં ગરક થઇ તેને કોટી કરી ચુબન લઇ કહેવા લાગ્યા કે ઓ મારી વહાલી બેન તારા પ્રતાપથી અમો જીવતા થયા સહેજાદીએ કહ્યુ કે ખુદા સર્વનું સારૂ કરશે પેલા ઘુવડની પાંખો તોડી નાખી પહાડમા પોકાર થવા માડયા પથ્થરનો વરસાદ વરસવા લાગ્યો, તે જોઇ સહેજાદીને રીસ ચડી તેથી તેણે ઘુવડની ગરદન તોડી નાંખી તેના પેટમાથી અગ્નિ પેદા થયો તેથી પહાડ સળગી ઉઠયો, તેના છોલા આકાશમાં જવા માંડયાં બદુબુએ મણી પૃથ્વી ઉપર નાખ્યો અને પીરમરદે આની લાકડી પોતાના માથા ઉપર ફેરવવા માડી તેથી તોફાન શાત થયુ જાદુગર ઘુવડ બનેલો હતો તેનું ઘાસ શેકીને બદુબુએ યા આસાપે કીંવા અગન્યાએ ખાધુ, તેથી તેના જેવા ચમતકારીક બન્યા, અને પેલી પાંખો અગન્યાએ બાંધી

પોતાની બેન યા ભાઇને પીઠ ઉપર બેસાડી ઉડવા માંડયો, તે થોડે દહાડે ઇરાનમા આવ્યો અને પોતાના મેહેલમા ગયો, તેને જોઇ ચાકર નફર અનહદ ખુશી થયા પોતાની બેનની માગેલી મુરાદ પુરી થઇ તેથી ત્રણુ જણુ અનહદ ખુસી થઇ ખાનપાન કરે છે હવે સહેજાદી બદુખુ ઉમર લાયક થઇ અને બન્ને ભાઇ પણુ ઉમર લાયક થયા; તે હમેશની પેઠે સિકાર કરવા માંડયા તેને ઇરાનના બાદશાહ જહાંગીરે જોયા તે ખુબસુરત જુવાનને જોઇ બેહદ ખુશીના દરીયા મા ગરક થયો અને પોતાના મન સાથે કહેવા લાગ્યો કે ઓ આતશ બેહેરામ આવા ખુબસુરત સહેજાદા મને આપ્યા હોતતો મારા નસીબનો પાર નહોતો, એમ કહી અસલ અને અમન્યા પાસે આવ્યો તેને જોઇ બન્ને ભાઇઓએ અદબથી સલામ કરી કહેવા લાગ્યા કે ઓ મેહેરબાન બાપ આ જંગલમા એકલો તું શા માટે ફરેછે, તેને જહાંગીર બાદશાહે કહ્યુ કે ઓ પ્યારા બેટાઓ હું શીકારને માટે ત્રણ દહાડાથી નિકળ્યો છુ તે સિપાઇ યા ચાકરથી જુદો પડી જંગલે જંગલ અને પહાડે પહાડ ફરૂ છું તોબી શિકાર મારા હાથમા ન આવ્યો ખુદાએ મેહેરબાની કરી કે તમે ખુબસુરત સહેજાદા મને મળ્યા, હવે હુ મારી પછવાડે ઇરાનની ગાદીના વારસ તમને કરવાનો છુ વળી મારી ખુબસુરત બેગી છે તે તનેજ આપી ચુકયો છુ તેને અસલે કહ્યુ કે ઓ મેહેરબાન તારી અમારા ઉપર રેમ હશે ના અમો ઇરાનની ગાદી કરતા અધીક માનીશુ તેને બાદશાહે કહ્યુ કે ઓ પ્યારાઓ જલદી કરો અને તમો તેહરાન ચાલો, તેને અસલે કહ્યુ કે ઓ મેહેરબાન બાપ પહેલા આ તારા ફરજનનો મેહેલ નજદીક છે તેનો ટુકડો ખાઇ એશ આરામ કરી તેહેરાન જઇશું તેનો એવો આગ્રહ જોઇ બાદશાહ તેની સાથે મેહેલમા ગયો તેને

આવનો જોઈ બદ્રુબુ ખુશી થઈ અને નફરને હુકમ કીધો કે લેહેજ-
તદાર ખાણુ તૈયાર કરો અને મીઠા પાણીની માછલી પકાવો, કેમકે
બાદસાહ ખાણુ ખાવા આવ્યા છે. હવે બાદશાહ જેવો દિવાનખાના-
મા પેઠો એટલે બદ્રુબુ સામી આવી અને શાહનો હાથ પકડી ક
હેવા લાગી કે ઓ મેહેરબાન બાપ ત આજ અમારા ઉપર મેહેરબા
ની કરી અમારૂ ઘર પાવન કર્યું તેને બાદશાહે ચુમન લઈ માથ
ના વાળ સુધી રેમ વરસાવી તખ્તપર બેઠો અસાથ થા અમઝ
બન્ને ભાઇ તખ્તને ખુચ્છો દઇ સામા ખુરશી ઉપર બેઠા બદ્રુબુ
ગાતુ ઝાડ અને બુલબુલ પક્ષી લાવીને બાદશાહની નજદીક મુક
અને સોનાના હોજનો ફુવારો છોડયો તેથી સોનાનુ પાણી ઉછળ
માંડયુ અને આસપાસના ઝાડો ફીવા ફુલો સોનાની પેઠે ફિરણો
રવા લાગ્યા, ઝાડ ગાયન કરવા માડયુ, બુલબુલ પક્ષી તેના અર્થ
રી બાદશાહને કહેવા લાગ્યો કે ઓ ઇરાનના બાદશાહ તારા ફરજ
આગળ ગાતુ ઝાડ, સોનાની હોઝનુ પાણી અને હુ બુલબુલ પક્ષ
છુ, બાદશાહ અચરત થઇ કહેવા લાગો કે અરે નાદાન ઝાડ તે ક
ગાતુ હશે તેને બુલબુલ પક્ષીએ કહ્યુ કે ઓ હેવાન બાદશાહની
રમને કુતરા કદી આવતા હશે, તેને બાદશાહે કહ્યુ, ઓ ગધેડા-
રાળ હોજનુ પાણી કદી સોનાનુ ન થાય તેને બુલબુલ પક્ષીએ કહ્યું
ઓ કુત્તા બાદશાહની રાણી કાચુ ઘોસ અને સુકી રોટી કદી
ખાય તેને શાહે કહ્યુ, ઓ ગડુ બુલબુલ પક્ષી ખુદાની દરગામા
તે આવતુ નથી તેને બુલબુલ પક્ષીએ કહ્યું કે ઓ હિવાના તા
સહેજાદા તારી સામા બેઠા છે તેમ તારી સહેજાદી તારે માટે ખ
ણાની રકાબીઓ લઇ આવે છે તેને તુ ઓળખ અરે ઓ બેવકુ
આ વારા ફરજન છે જે રાણીને તેં કેદમા નાખી છે તેના પેટ-

આ બે સેહેજાદા યા એક સેહેજાદી છે તે મલીકાની બેન ફુલજરીન- પુસે દગો કરી તને કુતરાં બતાવી આ નિરદોષ બાળકને જંગલમા મુ- ક્યા હતા તેને જન્મ આપનાર ખુદા હતો તેણે તેનુ રક્ષણ કર્યું અને આ તારો વજીર તેને તળાવ ઉપરથી લાવ્યો તેણે ઊછેરી મોટા કર્યા, આજે તુ મેહેરબાન બાપ મળ્યો તેથી તેની મુરાદ પુરી થશે તેના એવા શુકનો સાભળી બાદશાહ ખુશીના દરીયાવમા ગરક થયો અને પોતાના ફરજનને બચ્ચી લઈ પોતાની પાસે બેસાડયા, ખાણું ખા ધુ, અને ગુલામને હુકમ કીધો કે તુ તેહરાન જા અને સેનાધિપ- તિ યા વજીર કીંવા દીવાનને આ હુકમ આપજે તેના હાથમાથી કાગળ લઇ તેહરાન ગયો અને વજીરને કાગળ આપ્યો. વજીરે પત્ર વાંચી સેનાધિપતિને હુકમ કર્યો એટલે ફોજ લઇ સામા ગયા અને સેહેજાદા યા સેહેજાદીને હાથી ઉપર બેસાડી ગાજતે વાજતે રાજ- મેહેલમાં આવ્યાં અને પેલી રાણી કેદમા હતી તેને બહાર કાઢી ન- વડાવી ધોવડાવી બાદશાહ લેબાસ પહેરાવી પોતાના ફરજન પાસે લાવ્યા તેને જોઈ અસાધ અને અમન્યો કીંવા બદ્રુમુ સહેજાદીના હ- રખનો પારજ રહ્યો નહીં. તે ખુશીના દરીયાવમા ગરક થયાં બા- દશાહે પોતાની બીજી હરમની સેહેજાદી અમન્યા જોડે પરણાવી અ- ને સમરકદના રાજાની છોકરીના લગ્ન અસાધની જોડે કર્યાં તેમ બ- દ્રુમુ સહેજાદીને વજીરજાદાની જોડે પરણાવી એમ એશ આરામ અને ખુશીખુરમીથી પોતાની જીદગી ગુજારી ખુદા સર્વનુ રક્ષણ ક- રનાર છે, આતસબહેરામ સર્વનો સાક્ષી છે એકવાર બોલી દેવકી જે.

સમાપ્ત.

૮ →

જાહેર ખબર.

અમારે ત્યાંથી હરેક જાતના ગુજરાતી કીંવા બાળબોધી યા સંસ્કૃત તથા તરજુમા વિગેરે પુસ્તકો ઘણા સુંદર અને સસ્તા આપવામાં આવશે સામટી નકલ ખરીદ કરનારની પાસેથી યોગ્ય ભાવ લેવામા આવશે તે સિવાય અમારા બનાવેલા પુસ્તકો નીચે મુજબ—તથા કાવ્યદોહન ભાગ ૫ મો અમારે ત્યાંથી મળશે.

માન મુસાફરી	જાલંધરની કથા
ગોકુળશાના રમુજી ફકરા	અસાધ અને અમન્યાની વાર્તા
રાહખેંગાર અને રાણકદેવી.	બેહેરામ અને અમરસીંહની વાર્તા
મચ્છવેદ ગદ્યમાં.	સુરેખાહરણ ગદ્યમા.

અરે વાચનારાઓ આ અમારી બનાવેલી ચોપડીઓ વાંચો અને સાવધ થાઓ. જેમા હાસ્યરસ કીંવા વીરરસ યા કરૂણારસથી ભરપુર છે નીચે લખેલા સરનામાથી મળશે.

પા. બાપુજી ગોકળદાસ. ઠેકાણું આર્યોદય પ્રેસ.
શા. મનસુખ જગજીવન ઠેકાણું માંડવીની પોળ
 અધે શેઠની પોળમાં તથા છગનલાલ કુવેરદાસ.
 લાલાભાઈની પોળ.
વખારી. સુખલજી પ્રેમજી પાસેથી.